## સુવિચાર

નિષ્ફળતા અને સફળતાનો વિચાર કર્યા સિવાય હાથ ઉપરનું કાર્ય પૂર્ણ લગન અને મહેનતથી કરવું.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૧૦/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૨૫૮


## જિલ્લાની તમામ પાલિકા વિસ્તારમાંથી માટી ભરેલ અમૃત કળશ યાત્રા આવી પહોંચતા

# અમરેલીમાં માટી ભરેલ અમૃત કળશ યાત્રાનું પ્રસ્થાન કરાવતા વેકરિયા

**જિલ્લા પોલીસ બેન્ડની સુરાવલીઓ સાથે શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાનાં વિદ્યાર્થીઓ જોડાયા**

**શહેરનાં મુખ્ય માર્ગો પરથી ભારત માતા કી જય, મારી માટી મારો દેશનાં નારાઓ સાથે પસાર થયા**

**સેન્ટર પોઈન્ટ, સિનિયર સિટીઝન પાર્કથી પ્રસ્થાન થઈ નાગનાથ મંદિર, ડો. જીવરાજ મહેતા ચોક સહિતનાં વિસ્તારોમાં થઈ પરત ફરી**

**પાલિકા પ્રમુખ, નગરસેવકો, અધિકારીઓ, શિક્ષકો વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૧૯
વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા અને આહ્વાનથી સમગ્ર દેશમાં જન આંદોલન બની ગયેલા અભિયાન 'મારી માટી મારો દેશ'ના બીજા ચરણમાં અમરેલી જિલ્લાની તમામ નગરપાલિકાઓમાંથી એકઠી કરેલી માટી ભરેલા અમૃત કળશની યાત્રા અમરેલી નગરમાં સંપન્ન થઈ. વિધાનસભાના નાયબ મુખ્યદંડક અને અમરેલી-કુંકાવાવ-વડિયાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ ગુરૂવારે સવારે તિરંગો લહેરાવી પ્રસ્થાન કરાવ્યું હતું. જિલ્લા પોલીસ બેન્ડની સુરાવલીઓ સાથે શહેરની વિવિધ


**અનુસંધાન પાના ૬ ઉપર**









## જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તપાસનાં અંતે ઉચ્ચકક્ષાએ રીપોર્ટ કરતા

# સાવરકુંડલામાં નિયમ વિરૂધ્ધ ચાલતી ૪ પ્રાથમિક શાળાની માન્યતા રદ કરાશે ?

**શિક્ષણવિદ્ અને પત્રકાર પ્રતાપભાઈ ખુમાણે આધાર-પુરાવા સાથે રજૂઆત કરતાં તપાસનાં અંતે શાળાની ગેરરીતિ ઝડપાઈ**

**એકની એક વ્યકિત કયાંક સંચાલક તો કયાંક ટ્રસ્ટી તરીકે પણ ઓન પેપર જોવા મળે**

**એક શાળાનાં બાળકોને અન્ય શાળામાં શિક્ષણ માટે મોકલી દેવાતાં હોવાનું પણ ખુલ્યું**

**સમગ્ર જિલ્લામાં તટસ્થ તપાસ થાય તો કાગળ પર ચાલતી અનેક શાળાઓને તાળા લાગી શકે તેમ છે**

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**
સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલામાં છેલ્લા ઘણા સમયથી ચારેક જેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ ચર્ચાની એરણે ચડી હતી. આ ચારેય પ્રાથમિક શાળાઓ શિક્ષણ વિભાગના તમામ નિયમો અભેરાઈએ ચડાવી કાયદાની જોગવાઈઓનો છડે ચોક ભંગ કરી વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડા કરવા જેટલી હદે ગુનાહિત બેદરકારી સાથે ચલાવવામાં આવતી હતી. સાવરકુંડલા ફ્રી લાન્સ જર્નાલિસ્ટ અને શૈક્ષણિક અગ્રણી એવા ક્ષત્રિય આગેવાન પ્રતાપભાઈ ખુમાણ સમક્ષ આ ચારેય ખાનગી પ્રાથમિક શાળાઓના વાલીઓ દ્વારા અવાર–નવાર પોતાના બાળકોના ભવિષ્યને લઈને ચિંતા વ્યકત કરવામાં આવતી હતી. જેના કારણે ખુમાણ દ્વારા સંબંધીત શિક્ષણ કચેરીઓ સાવરકુંડલા અમરેલી અને ગાંધીનગર ખાતે આધારભૂત પુરાવાઓ, ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી, વાલીઓના લેખિત નિવેદનો મારફત રજૂઆત કરવામાં આવી હતી. જેના કારણે અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી માયાણી દ્વારા સાવરકુંડલા, લાઠી અને લીલીયાના પ્રાથમિક શિક્ષણ અધિકારીઓની એક ખાસ તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. આ ખાસ SIT સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા રાજ એકેડમી પ્રાથમિક શાળા મણીનગર સાવરકુંડલા, ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા ભુવા રોડ સાવરકુંડલા, મનીષા ઈંગ્લિશ સ્કૂલ શિવાજીનગર સાવરકુંડલાની સ્થળ તપાસ કરી તો ચોંકાવનારા તથ્યો સામે આવ્યા. ઉપરોકત એક પણ પ્રાથમિક શાળામાં સરકારના પ્રાથમિક શિક્ષણ ધારા ધોરણની એક પણ શરતો પાળવામાં આવતી નહોતી. શાળાના બિલ્ડીંગથી લઈને શાળામાં શૈક્ષણિક સ્ટાફ, શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા જેવી તમામ બાબતો ગેરબંધારણીય સાબિત થઈ હતી. બીજી બાજુ ચોંકાવનારી બાબત તો એ છે કે અમુક શિક્ષિકાઓના નામ એક સાથે બે શાળાઓમાં હાજર બોલતા હતા. શાળાનો સમય એક જ હોવા છતાં એક જ શિક્ષિકા બે જુદી જુદી પ્રાથમિક શાળામાં કેવી રીતે ફરજ બજાવી શકે એ સવાલ ઉઠે છે.

આ તપાસ કમિટીના રિપોર્ટ અનુસાર ફારૂક ભટ્ટી નામની વ્યકિત પોતાને રાજ એકેડમી પ્રાથમિક શાળાનાં સંચાલક ગણાવે છે અને વળી પોતે જ ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળાનાં પણ સંચાલક ગણાવે છે. પરંતુ તપાસ કમિટીએ તપાસ કરતા બંને શાળાઓના ટ્રસ્ટ જી.એસ.પી. ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી સ્વામિનારાયણ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા કોઈ ઠરાવ કે હુકમ આ વ્યકિતનાં નામનો કરવામાં આવેલ નથી અને ટ્રસ્ટ ડીડમાં પણ આ ફારૂક ભટ્ટી નામની વ્યકિતનો કોઈ ઉલ્લેખ નથી. માટે આ સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ફારૂક ભટ્ટી બિનઅધિકૃત રીતે રાજ એકેડમી પ્રાથમિક શાળા અને ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળાનું સંચાલન કરતા હોવાનું સાબિત થાય છે. આથી આ તપાસ કમિટીનાં સ્વયં સ્પષ્ટ રિપોર્ટના આધારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અમરેલી દ્વારા ગુજરાત સરકારમાં શિક્ષણ નિયામક ગાંધીનગરને આ ત્રણેય શાળા રાજ એકેડમી પ્રાથમિક શાળા, ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા અને મનીષા ઈંગલિશ સ્કૂલની માન્યતા કાયમી ધોરણે રદ કરવા ભલામણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ચોથી ખાનગી પ્રાથમિક શાળા કે જેનું નામ જ્ઞાનગંગા પ્રાથમિક શાળા પરિમલ સોસાયટી નેસડી રોડ સાવરકુંડલામાં આવેલી છે. જેના સંચાલક ચોટલીયા દ્વારા લેટરપેડ ઉપર પોતે જ શાળા સ્વૈચ્છિક રીતે બંધ કરવા માંગે છે તો શાળા બંધ કરવા માટેની મંજૂરી આપવામાં આવે એવી લેખિત રજૂઆત જિલ્લા પ્રાથમિક શિક્ષણાકારી અમરેલીને કરવામાં આવી છે. આ રીતે સાવરકુંડલામાં એકી સાથે ચાર પ્રાથમિક શાળાઓની માન્યતાઓ રદ થતાં સમગ્ર જિલ્લાના શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયેલ છે અને નિયમોને નેવે મૂકીને ચલાવતી સંસ્થાઓના સંચાલકોમાં પણ ફફડાટ વ્યાપી ગયેલો છે.

અત્રે ઉલ્લેખનીયછે કે અગાઉ જ સનરાઈઝ પ્રાથમિક શાળાના મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ દ્વારા એવી બાંહેધરી આપવામાં આવેલી છે કે જો આ ચારેય વિવાદાસ્પદ પ્રાથમિક શાળાઓની માન્યતા કાયમી ધોરણે, ચાલુ સત્રે બંધ કરવામાં આવે તો આ તમામે તમામ શાળાઓના વિદ્યાર્થીઓને પોતાની સંસ્થામાં ધોરણ આઠ સુધીનો અભ્યાસ પૂર્ણ કરાવવાની જવાબદારી લેશે અને આ તમામે તમામ વિદ્યાર્થીઓ પાસેથી એક પણ રૂપિયો ફી વસૂલવામાં આવશે નહી.

---

**બાબરા નજીક આવેલ**

## ખંભાળા રોડ ઉપર આઈસર ટ્રકે હડફેટે લેતા બાઈક ચાલકનું મોત

**પોલીસમાં ફરિયાદ નોંધાતા તપાસ હાથ ધરાઈ**

અમરેલી, તા. ૧૯, બાબરા તાલુકાનાં ખંભાળા ગામે રહેતા ભરતભાઈ દેવરાજભાઈ ઝાપડીયા ગત તા. ૧૭નાં રોજ સવારે પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.–૦૧ જેએમ ૯૨૩૫ લઈ અને પોતાની વાડીએથી બાબરાથી ખંભાળા તરફ આવતા હતા ત્યારે પેટ્રોલ પંપ પાસે પહોંચતા આઈસર ટ્રક નં. જી.જે.–૦૩ એટી ૪૩૯૯નાં ચાલકે હડફેટે લઈ ગંભીર ઈજાઓ કરી ભરતભાઈનું મોત નિપજયાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.

---

**ખાંભા નજીક આવેલ**

## કોદીયા ગામે માનસિક બીમારીનાં કારણે તરૂણીએ ઝેરી દવા પી લેતા મોતને ભેટી

**તા. ૧૪નાં રોજ આંચકી આવી જતાં પગલું ભરી લીધુ**

અમરેલી, તા. ૧૯

ખાંભા તાલુકાનાં કોદીયા ગામે રહેતા શિતલબેન હિંમતભાઈ મકવાણા નામની ૧૭ વર્ષિય તરૂણીને મગજની અસ્થિરતા હોય. ગત તા. ૧૪નાં રોજ આંચકી આવી જતાં તેણી તેજ ગામે રહેતા સાર્દુળભાઈ સોલંકીના ઘરે જઈ પોતાની મેળે ઝેરી દવા પી લેતા તેણીને પ્રથમ રાજુલા અને વધુ સારવાર માટે અમરેલી દવાખને ખસેડાયેલ જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

---

**સાવરકુંડલા નજીક આવેલ**

## એક ગ્રામ્ય વિસ્તારની તરૂણીને છરી બતાવી શરીર સબંધ બાંધી ગર્ભવતી બનાવી દીધી

**ગોરડકા ગામનાં આરોપી સામે નોંધાઈ ફરિયાદ**

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલા તાલુકાનાં ગોરડકા ગામે રહેતા આરોપી અજીત ઉર્ફે ડોઘલ કિશોરભાઈ પરમાર નામનાં ઈસમે ગ્રામ્ય વિસ્તારની એક તરૂણીને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી અવાર–નવાર બળજબ્બરીપૂર્વક શરીર સબંધ બાંધી તરૂણીને ગર્ભવતી બનાવી દીધાની ફરિયાદ સાવરકુંડલા રૂરલ પોલીસમાં નોંધાતા પીઆઈ ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

---

**એસ.પી.ની સુચનાથી એલસીબીની કામગીરી**

## સાવરકુંડલામાં થયેલ મોબાઈલ ચોરીનાં ગુન્હામાં એક ઈસમની અટકાયત

**આરોપી કાળુભાઈ મોરી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૧૯

વિગત એવા પ્રકારની છે કે, ગત તા. ૧૩ના રોજ વારીસભાઇ સાલેમભાઇ મકવાણા, રહે. મીતીયાળા, (તા. સાવરકુંડલા) વાળા સાવરકુંડલા, કાપેલધાર પાસેથી મોટર સાયકલ લઇ જતા હોય, તે દરમિયાન ચકકર આવતા પડી, ગયેલ તે દરમિયાન ઘણા અજાણ્યા માણસો ભેગા થઇ ગયેલ હોય, તે દરમિયાન પોતાનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૩,૪૯૦નો કોઇ અજાણ્યો ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે વારીસભાઇ દ્વારા એફઆઈઆર કરાવેલ હોય, જે ઈ–એફઆઈઆર અંગે ખરાઇ કરી, તેના પરથી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં



ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાએ–આફઆઈઆર થી દાખલ થયેલ ગુનાઓના આરોપીને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઇલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા એલ.સી.બી. ટીમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે એલ.સી.બી. ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને સાવરકુંડલા ટાઉનમાં પેટ્રોલીંગ દરમ્યાન સાવરકુંડલા ટાઉનમાંથી કાળુભાઈ ઉગાભાઈ મોરી, સાવરકુંડલા વાળાને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન મળી આવતા, પકડાયેલ ઈસમને ચોરીના મોબાઈલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

---

**પડોશમાં રહેતા પતિ–પત્નીએ બઘડાટી બોલાવી**

## ખાંભાના આનંદ સોસાયટીમાં સોની વેપારી ઉપર પાઈપ વડે હુમલો

**સીસીટીવી કેમેરાને નુકસાન કર્યાની ફરિયાદ**

અમરેલી, તા. ૧૯

ખાંભા ગામે રહેતા ભગ્નેશભાઈ નાનુભાઈ સલ્લા નામના ૪૯ વર્ષિય આધેડનાં ઘર પાસે આવી તેજ ગામે રહેતા હિતેશભાઈ પુનાભાઈ શેલડીયા તથા તેમની પત્ની વનીતાબેને આધેડને પાઈપ મારી હાથ ભાંગી નાખી તથા મકાન પાછળ લગાવેલ સીસીટીવી કેમેરા રૂા. ૭ હજારનો તોડી નાખી નુકસાન કર્યુ તથા અન્ય લોકોને માર માર્યાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાઈ છે.

---

## મારી માટી મારો દેશ કાર્યક્રમ દ્વારા લોકોને મૂર્ખ બનાવવાનું બંધ કરો : મનિષ ભંડેરી

અમરેલી, તા. ૧૯

સમગ્ર ગુજરાત રાજયમાં ભાજપ પક્ષ ધ્વારા મારી માટી મારો દેશ કાર્યક્રમ ધ્વારા લોકોને મૂર્ખ બનાવવાનું કામ થઈ રહ્યું છે. ખરેખર તો ગુજરાતના એકપણ ગામમાં ગૌચરની જમીન આ ભાજપનાં નેતાઓએ રહેવા દીધી નથી તો માટી લાવવી કયાંથી ? અને માટી કયાંથી હોય ? ખુદ ભાજપના નેતાઓ જ ગૌચરની જમીન હડફ કરી ગયા હોવાથી માલધારી સમાજને રોડ ઉપર આવવાનો વારો આવ્યો છે. આજે સમગ્ર ગુજરાત રાજયમાં શિક્ષણ ખાડે ગયું છે, આરોગ્ય સેવાઓ કથળી ગઈ છે, ખેડૂતો દેવાના બોજ હેઠળ ડૂબી હ્યા છે, શિક્ષિત યુવાન બેરોજગાર બનીને દરદર ભટકી રહ્યો છે, ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગ મોંઘવારીના મારથી



પીસાઈ રહ્યો છે, નાના અને મધ્યમવર્ગના વેપારીઓના ધંધા રોજગાર ઠપ્પ છે. ત્યારે તમે મારી માટે મારો દેશ આવા રૂપકડા નામ આપીને લોકોને મૂર્ખ બનાવવાનું બંધ કરો અને ગુજરાતના લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટેનું કામ કરવાની ટકોર તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ કરી છે.






''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

---

**જલારામનગર વિસ્તારની ઘટના**

## અમરેલીમાં સગાઈ તૂટી જતાં યુવકે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**જયેશ મકવાણા નામનાં યુવકે પગલું ભર્યુ**

અમરેલી, તા. ૧૯, અમરેલીનાં જલારામનગર શેરી નં. ૧ માં રેતા જયેશ અમૃતલાલ મકવાણા નામનાં ૨૬ વર્ષિય યુવકની સગાઈ બગસરા ગામે થયેલ હોય. બાદમાં કોઈ અંગત કારણથી સગાઈ મુકી દીધેલ હોય જેથી યુવકને મનમાં લાગી આવતા પોતાની મેળે ગળાફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધાનું સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

**વન્ય જીવ રેન્જ હેઠળનાં ટીંબી રાઉન્ડનાં**

## જાફરાબાદનાં રોહિસા ગામે ૭૦ ફૂટ ઊંડા કૂવામાં દીપડો પડતા રેસ્કયુ

**ખાટલાને કૂવામાં ઉતારીને દીપડો બચાવી લેવાયો**

જાફરાબાદ, તા. ૧૯

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના રોહિસા ગામે ૭૦ ફૂટ ઉંડા કુવામાં દિપડો પડી જતાં ફોરેસ્ટ વિભાગ દ્વારા રેસ્કયુ કરી દિપડાનો જીવ બચાવ્યો હતો.

જાફરાબાદ વન્યજીવ રેન્જ હેઠળના ટીંબી રાઉન્ડના રોહિસા ગામે તા. ૧૯/૧૦/૨૦૨૩ ના રોજ બચૂભાઈ લાખાભાઈ બારૈયાની વાડીના માલિકીના કુવામાં વન્યપ્રાણી દીપડો પડી ગયો હોવાનું વાડી માલિકને જાણ થતાં તુરંત જ સ્થાનિક સ્ટાફને પોતાના કૂવામાં દીપડો પડી ગયો હોવાની જાણ કરતા આર.એફ.ઓ. સહિતનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચી સાઈડ સ્ટાર પીંજરૂ કુવામાં ઉતારી ૭૦ ફૂટ ઉંડા કુવામાંથી દીપડાને સુરક્ષિત રીતે બહાર કાઢી દિલધડક રેસ્કયુ કરી દીપડાનો જીવ બચાવી લેવામાં આવેલ.



વધુમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા અપીલ કરવામાં આવે છે કે પાણી વાળા ખુલ્લા કૂવામાં આ રીતે વન્યપ્રાણી પડેલ જોવા મળે તો વન્યપ્રાણીને બચાવવા માટે કે આધાર માટે કશું ન હોય તો ખાટલો કૂવામાં ઉતારી દેવાથી વન્યપ્રાણી ખાટલા ઉપર બેસી જાય છે જેથી ખાટલા ઉપર બેસી આરામ કરી શકે છે અને તુરંત જ વનવિભાગને જાણ કરવી જેથી વન્યપ્રાણીઓનો જીવ બચાવી શકાય. વન્યપ્રાણીઓ માનવ જીવન માટે ખુબ જ મહત્વ ધરાવે છે. વન, પ્રર્યાવરણ તથા વન્યજીવોનુ રક્ષણ કરવું દરેકની ફરજ સમજી સંરક્ષણ કરવું તેવી અપીલ વન વિભાગ તરફથી કરવામાં આવેલ.

---

**ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સની એસબીઆઈમાં રજુઆત**

## અમરેલીના વેપારીઓને ૧૦, ૨૦, ૫૦નાં દરની ચલણી નોટની અછતથી પરેશાની

**નાયબ દંડક કૌશિક વેકરિયાને પણ રજુઆત કરાઈ**

અમરેલી, તા. ૧૯

હાલમાં અમરેલી શહેર તેમજ દરેક તાલુકા વિસ્તારમાં ચલણી નોટ ૧૦ તથા ૨૦ તથા ૫૦ ની નોટની બજારમાં ખુબ જ તંગી રહે છે. નવી નોટો રીઝર્વ બેંક દ્વારા આપવામાં આવતી નથી. જુની નોટ જે બજારમાં ચાલે છે તે ખુબ જ રદી હાલતમાં છે. તો દિવાળીના તહેવાર ઉપર લોકોને નવી નોટ બેંક દ્વારા ફાળવવામાં આવે તો ઘણા વેપારીઓને તથા ગ્રાહકોને રાહત રહે તેમજ હાલમાં પરચુરણ જેમાં રૂા.૧,૨,૫ ના સિક્કાની પણ



બજારમાં બહુ જ ખેંચ છે. માટે વેપારીઓને અને ગ્રાહકોને ખુબ જ તકલીફ પડી રહી છે. દિવાળી પહેલા નવી નોટ તેમજ પરચુરણ બેંકો દ્વારા ફાળવવામાં આવે તેમ અંતમાં જણાવેલ છે.

### આગામી સમયમાં રાજ્યમાં આંદોલનના એંધાણ

# ૩૦ ટકા પગાર વધારાનો કર્મચારીઓએ હાથમાં લોલીપોપ સાથે વિરોધ કર્યો

## નર્મદા ભુવન ખાતે અનેક કર્મચારીઓ લોલીપોપ, બેનર, પોસ્ટર અને સુત્રોચાર સાથે વિરોધ કરતા જોવા મળ્યા હતા

વડોદરા, તા.૧૯

સરકાર સરકાર દ્વારા રાજ્યભરના લાખો ફિક્સ પગાર વેતન ધરાવતા કર્મચારીઓને ૩૦% નો પગાર વધારો જાહેર કર્યો હતો. વર્ગ ત્રણ અને વર્ગ ચાર ફિક્સ પગારના કર્મચારીઓમાં ૩૦ ટકા પગાર વધારાને લઈને ખુશી જોવા મળી ન હતી.

આજે નર્મદા ભુવન ખાતે અનેક કર્મચારીઓ લોલીપોપ, બેનર, પોસ્ટર અને સુત્રોચાર સાથે વિરોધ કરતા જોવા મળ્યા હતા. સાથે રાજ્ય સરકારે તેમને લોલીપોપ આપી હોવાનું જણાવી રહ્યા છે.

આ કર્મચારીઓએ લોલીપોપ સાથે પ્રદર્શન કર્યું હતું. કર્મચારીઓએ કહ્યું કે, અમારી પહેલેથી એક જ માંગ છે કે ફિક્સ પગારનો વેતન ન હોવો જોઈએ પરંતુ સમાન કામ સમાન વેતનનો પગાર તમામ કાયમી કર્મચારીઓને મળવો જોઈએ. જો આ માંગમાં યોગ્ય સમયમાં સરકાર તરફથી સહયોગ નહીં થાય તો રાજ્યમાં આંદોલનના મંડાણ થવાની ચીમકી પણ તેમણે ઉચ્ચારી હતી.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ફિક્સ પગારના તમામ કર્મચારીઓના હિતમાં વધુ એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, રાજ્યના ફિક્સ-પગાર આધારિત ૬૧,૫૬૦ કર્મચારીઓના પ્રવર્તમાન વેતનમાં ૩૦% જેટલો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેની અમલવારી તા.૧ લી ઓક્ટોબર ૨૦૨૩ની અસરથી કરવામાં આવશે.

આ અંગે ઋષિકેશ પટેલે વધુમાં તેમણે ઉમેર્યુ કે, ગુજરાતના વિકાસમાં રાજ્યના કર્મચારીઓનો ખુબ જ મહત્વનો ફાળો રહ્યો છે. દરેક સરકારી યોજનાઓના અમલીકરણ તથા તેના પર યોગ્ય દેખરેખ થકી છેવાડાના માનવી સુધી યોજનાકીય લાભ પહોંચાડવામાં કર્મચારીઓએ હંમેશા ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ત્યારે દિવાળી પૂર્વે લેવામાં આવેલા આ નિર્ણય રાજ્યના પ્રત્યેક ફિક્સ પગારના કર્મચારીઓ તથા તેમના પરિવારજનો માટે ખુશીની લહેર લાવશે તેવો વ્યક્ત કર્યો હતો. આ નિર્ણયથી વર્ગ-૩ના ૪૪૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૩૮,૦૯૦ થી વધીને રૂ. ૪૯,૬૦૦ થશે. ઉપરાંત વર્ગ-૩ ના ૪૨૦૦ અને ૨૮૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૩૧,૩૪૦ થી વધીને રૂ. ૪૦,૮૦૦ થશે.

વર્ગ-૩ ના ૨૪૦૦, ૨૦૦૦, ૧૯૦૦ અને ૧૮૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૧૯,૯૫૦ થી વધીને રૂ. ૨૬,૦૦૦ થશે. જ્યારે વર્ગ-૪ ના ૧૬૫૦,૧૪૦૦ અને ૧૩૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૧૬,૨૨૪ થી વધીને રૂ. ૨૧,૧૦૦ થશે. આ નિર્ણયથી રાજ્ય સરકારની તિજોરી પર વાર્ષિક રૂ.૫૪૮.૬૪ કરોડ રૂપિયાનું ભારણ વધશે.

### વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં પેસ બોલરને રેકોર્ડની તક

# વર્લ્ડ કપમાં વધુ વિકેટના કપિલ દેવના રેકોર્ડને તોડવાથી બુમરાહ ૧ વિકેટ દૂર

## ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવના નામે વન-ડે વર્લ્ડ કપની ૨૬ મેચની ૨૫ ઈનિંગ્સમાં ૨૮ વિકેટ છે

પૂણે, તા.૧૯

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આજે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૧૭મી મેચ પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં જસપ્રિત બુમરાહે બે વિકેટ લીધી હતી. આ મેચમાં ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ એક માઈલસ્ટોન પોતાના નામે કરી શકે તેમ હતો. જેનાથી તે માત્ર ૧ વિકેટ દૂર છે. જસપ્રીત બુમરાહ વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનારા ભારતીયો બોલરોની લિસ્ટમાં છઠ્ઠા સ્થાને છે. બુમરાહના નામે હાલમાં વન-ડે વર્લ્ડ કપની ૧૨ મેચમાં ૨૬ વિકેટ છે. જો તે વધુ ૩ વિકેટ લેશે તો તે પૂર્વ ભારતીય કેપ્ટન કપિલ દેવને પાછળ છોડી દેશે.ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવના નામે વન-ડે વર્લ્ડ કપની ૨૬ મેચની ૨૫ ઈનિંગ્સમાં ૨૮ વિકેટ છે. કપિલ દેવે આ વિકેટ વન-ડે વર્લ્ડ કપ ૧૯૭૯થી લઈને વન-ડે વર્લ્ડ કપ ૧૯૯૨ સુધી ઝડપી હતી. ઝહીર ખાન વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનારા ભારતીય બોલરોની લિસ્ટમાં ટોપ પર છે. ઝહીર ખાને ૨૩ મેચની ૨૩ ઈનિંગ્સમાં ૪૪ વિકેટ ઝડપી છે. બુમરાહ ટૂંક સમયમાં જ આ લિસ્ટમાં ટોપ-૫માં આવી જશે. બુમરાહે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ ઝડપી છે. બુમરાહના નામે આ વન-ડે વર્લ્ડ કપની ૩ મેચમાં ૧૧.૬૨ના સરેરાશથી ૮ વિકેટ છે.

ભારત તરફથી વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલર્સ

ઝહીર ખાન - ૨૩ મેચની ૨૩ ઈનિંગ્સમાં ૧૫.૭૯ના સરેરાશથી ૪૪ વિકેટ

જવાગલ શ્રીનાથ - ૩૪ મેચની ૩૩ ઈનિંગ્સમાં ૨૭.૮૧ના સરેરાશથી ૪૪ વિકેટ

મોહમ્મદ શમી - ૧૧ મેચની ૧૧ ઈનિંગ્સમાં ૧૫.૭૦ના સરેરાશથી ૩૧ વિકેટ

અનિલ કુંબલે - ૧૮ મેચની ૧૮ ઈનિંગ્સમાં ૨૨.૮૩ના સરેરાશથી ૩૧ વિકેટ

કપિલ દેવ - ૨૬ મેચની ૨૫ ઈનિંગ્સમાં ૩૧.૮૫બના સરેરાશથી ૨૮ વિકેટ

જસપ્રીત બુમરાહ - ૧૨ મેચની ૧૨ ઈનિંગ્સમાં ૧૭.૮૪ના સરેરાશથી ૨૬ વિકેટ

### ખેડૂતોની દિવાળી જ નહીં આખું વર્ષ સુધર્યું

# ખેડુતોનું વર્ષ સુધર્યું : રવિ પાકના ટેકાના ભાવમાં વધારો

## આ સિસ્ટમનો ફાયદો એ છે કે જો પાકના બજાર ભાવ ઘટે તો પણ કેન્દ્ર સરકાર આ MSP પર ખેડૂતો પાસેથી પાક ખરીદે છે

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની મંત્રિમંડલ સમિતી દ્વારા ૨૦૨૪-૨૫ માટે તમામ જરુરી રવિ પાકના ટેકાના ભાવમાં વધારાને મંજૂરી આપવામાં આવી છે.

કન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે સરકારના આ નિર્ણયને વધાવી લીધો હતો અને કહ્યુ કે મોદી સરકારના આ નિર્ણયે ખેડૂત કલ્યાણ પ્રતિ પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર સિદ્ધ કરી છે. સરકારે ઘઉં અને સરસવ સહિત ૬ પાકોની MSP વધારવાનો નિર્ણય કર્યો છે. ઘઉંની MSP વધારીને ૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવી છે. આ સિવાય સરસવના MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૪૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ખેડૂતોના ભલા માટે MSPની સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. આ અંતર્ગત કેન્દ્ર સરકાર પાક માટે લઘુત્તમ કિંમત નક્કી કરે છે, તેને MSP કહેવામાં આવે છે. આ સિસ્ટમનો ફાયદો એ છે કે જો પાકના બજાર ભાવ ઘટે તો પણ કેન્દ્ર સરકાર આ MSP પર ખેડૂતો પાસેથી પાક ખરીદે છે. તેનો હેતુ ખેડૂતોને નુકસાનીમાંથી બચાવવાનો છે. ભારતમાં ૬૦ના દાયકામાં સરકાર દ્વારા ખોરાકને અછતથી બચાવવા માટે તેની શરૂઆત કરવામાં આવી હતી. સૌ પ્રથમ, ઘઉં પર એમએસપી શરૂ કરવામાં આવી હતી જેથી કરીને સરકાર ખેડૂતો પાસેથી ઘઉં ખરીદી શકે અને તેની પીડીએસ યોજના હેઠળ ગરીબોમાં વહેંચી શકે. કેબિનેટની બેઠકમાં રવિ પાકની MSP (મિનિમમ સપોર્ટ પ્રાઈસ) વધારવાની મંજૂરી આપવામાં આવી છે. કઠોળ-દાળની MSPમાં સૌથી વધુ વધારો થયો છે. મસૂરની MSPમાં ૪૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. તેમજ સરસવની MSPમાં ૨૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચાલો તમને તેના વિશે વિગતવાર માહિતી આપીએ. ઘઉંની MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૧૫૦ રૂપિયાનો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૨૧૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૨૨૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયું છે. સરસવની MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૧૫૦ રૂપિયાનો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૫૪૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૫૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયું છે.

જવની MSP પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૧૫ વધી છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૧૭૩૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૧૮૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. ચણાની MSPમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૦૫નો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૫૩૩૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૫૪૪૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. મસૂર દાળની MSP પ્રતિ ક્વિન્ટલ ૪૨૫ રૂપિયા વધી છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૬૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૬૪૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. કુસુમ સૂરજમુખીની એમએસપીમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૫૦નો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૫૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૫૮૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે.

### તેલંગણામાં ચૂંટણી પ્રચાર આગળ વધારતા કોંગ્રેસ નેતા

# તેલંગણામાં રાજા અને પ્રજા વચ્ચેની લડાઈ : રાહુલ ગાંધી

## દેશમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર તેલંગાણામાં છે, તેલંગાણા પર માત્ર એક જ પરિવાર શાસન કરે છે : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ચૂંટણી પ્રચાર માટે આજે તેલંગાણા પહોંચ્યા હતા. તેલંગાણાના ભૂપાલપલ્લીથી પજ્ઞૂર ગામ સુધી કોંગ્રસની એક ચૂંટણી રેલીમાં લોકોને સંબોધિત કરતા રાહુલે બીજેપી, બીઆરએસ અને એઆઈએમ આએમ પર નિશાન સાધ્યુ હતું. તેમણે કહ્યું કે, કેસીઆર ચૂંટણીમાં હારી જશે. આ લડાઈ રાજા અને પ્રજાના વચ્ચેની છે. તમે ઈચ્છતા હતા કે, તેલંગાણામાં જનતાનું રાજ આવે પરંતુ અહીં માત્ર એક પરિવારનું રાજ બની ગયુ છે. રાહુલે રેલીને સંબોધિત કરતા કહ્યું કે, તેલંગાણામાં માત્ર એક પરિવારનું રાજ છે. સીએમનો જનતા સાથે કોઈ મતલબ નથી.

દેશમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર તેલંગાણામાં જ છે. તેમણે કહ્યું કે, બીજેપી, બીઆરએસ અને એઆઈએમઆએમત્રણેય મળેલા છે. તેલંગાણાના મુખ્યમંત્રી પાછળ સીબીઆઈકે ઈડીકેમ નથી આવતી. દેશમાં હાલમાં ઈડીને લઈને ખૂબ જ રાજકારણ ચાલી રહ્યું છે. કોંગ્રેસ સહિત વિપક્ષી દળોનું કહેવું છે કે, ઈડીને જાણી જોઈને વિપક્ષી નેતાઓ પાછળ લગાવવામાં આવી રહી છે.

આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે, જાતિગત વસતી ગણતરી દેશ માટે એક્સ-રેનું કામ કરશે. જ્યારે હું જાતિગત વસતી ગણતરીની વાત કરું છું ત્યારે ન તો વડા પ્રધાન નરેન્દ્ર મોદી કંઈ બોલે છે અને ન તો તેલંગાણાના મુખ્યમંત્રી કેસીઆર કંઈ બોલે છે.

તાજેતરમાં બિહારમાં જાતિગત વસતી ગણતરીનો અહેવાલ બહાર આવ્યો હતો. જેમાં જણાવાયું હતું કે, રાજ્યની વસતીમાં ઓબીસીનો હિસ્સો ૬૦ ટકાથી વધુ છે. આ જ કારણ છે કે રાહુલે હવે દેશવ્યાપી જાતિગત વસતી ગણતરી કરાવવાની વાત કરી છે. તેઓ સતત આ મુદ્દો ઉઠાવી રહ્યો છે.

રેલીને સંબોધિત કરતા રાહુલે કહ્યું કે દેશમાં સૌથી મોટો મુદ્દો જાતિગત વસતી ગણતરીનો છે. જાતિગત વસતી ગણતરીથી એ વાતની માહિતા સામે આવશે કે, દેશમાં કેટલા દલિત, ઓબીસી, આદિવાસીઓ અને સામાન્ય વર્ગના લોકો છે અને તેમની કેટલી ભાગીદારી છે. તેમણે કહ્યું કે, આ દેશના એક્સ-રે જેવું છે અને તેનાથી એ પણ જાણી શકાશે કે દેશની સંપત્તિ કેવી રીતે વહેંચાઈ રહી છે.

રાહુલે કહ્યું કે, આજે દેશના સૌથી અમીર લોકોનું અબજો રૂપિયાનું દેવું માફ થઈ જાય છે. પરંતુ એક ખેડૂત પોતાની બેંક લોન માફ કરાવવા માંગે છે તો તેને મારીને ભગાડી મૂકે છે. તેમણે કહ્યું કે, દુકાનદારોના ખીસામાંથી જીએસટી નીકળે છે અને અડાણીના ખીસામાં ચાલી જાય છે. આવો દેશ અમને નજી જોઈતો. એટલા માટે જાતિગત વસતી ગણતરી કરાવવી જરૂરી છે. તેના પરથી જાણી શકાશે કે, ભારતમાં કોની કેટલી વસ્તી છે અને કોની પાસે કેટલું ધન છે. તેલંગાણામાં કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ અમે જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવીશું.

### વિશ્વભરમાં મંદીનું મોટું સંકટ

# નોકિયા દ્વારા ૧૪,૦૦૦ કર્મીની છટણી કરવા નિર્ણય

## નવા કોસ્ટ સેવિંગ્સ પ્લાન હેઠળ નોકરીઓમાં ઘટાડાનો નિર્ણય, કર્મીની સંખ્યા ૮૬૦૦૦થી ઘટીને ૭૨૦૦૦ થશે

નવી દિલ્હી, તા.૧૯

એક તરફ ઈઝરાયલ-હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે તો બીજી બાજુ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. આ દરમિયાન ૨૦૨૨થી જ દુનિયાભરમાં મંદી નું સંકટ જોવા મળી રહ્યું છે. જોકે હવે તેની અસર દિગ્ગજ કંપનીઓ પર થઈ રહી છે અને તેના પગલે મોટાપાયે છટણીનો માહોલ સર્જાયો છે.

કર્મચારીઓની છટણી કરવાની યાદીમાં દુનિયાની સૌથી મોટા સર્ચ એન્જિન ગૂગલ થી લઈને ફેસબુકની પેરેન્ટ કંપની મેટા સૌથી આગળ રહી છે. જોકે હવે આ યાદીમાં વધુ એક મોટું નામ નોકિયા ઉમેરાઈ ગયું છે. નોકિયાએ તેના ૧૪,૦૦૦ કર્મચારીઓની છટણી કરવાનો નિર્ણય લીધો છે. અહેવાલ અનુસાર ફિનિશ ટેલીકોમ ગિયર ગ્રૂપ નોકિયા (નોકિયા.એચઈ) એ કહ્યું કે ઉત્તર અમેરિકા જેવા બજારોમાં પજીડિવાઈસના ધીમા વેચાણને લીધે ત્રીજા ત્રિમાસિકમાં સેલ્સમાં મોટો ઘટાડો થયો છે. વેચાણમાં ૨૦ ટકાનો ઘટાડો થયો છે. આ ઘટાડા બાદ નવા કોસ્ટ સેવિંગ્સ પ્લાન હેઠળ ૧૪,૦૦૦ નોકરીઓમાં ઘટાડો કરવાનો નિર્ણય લેવાયો છે. આ છટણીની સાથે જ કંપનીના વર્તમાન કર્મચારીઓની સંખ્યા ૮૬,૦૦૦થી ઘટીને ૭૨,૦૦૦ થઈ જશે.

### હમાસને ઈઝરાયેલ સામેના યુદ્ધમાં હથિયાર આપવા બાબતે ખુલાસો

# ઈઝરાયેલ સામે હમાસે ઉત્તર કોરિયાના શસ્ત્રોનો ઉપયોગ કર્યો

## એક વીડિયો અને ઈઝરાયેલ દ્વારા જપ્ત કરાયેલ હથિયારો પરથી ધ્યાને આવ્યું છે કે, ઉત્તર કોરિયાને ઈનકાર કરવા છતાં તે હમાસને હથિયારો વેચે છે

જેરુસલેમ, તા.૧૯

ઈઝરાયેલ-હમાસ યુદ્ધના ૧૪માં દિવસે પણ અમાનવીય સંઘર્ષ જોવા મળી રહ્યું છે. આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ૫૦૦૦થી વધુ લોકોના મોત થયા છે. સૌથી વધુ ગાઝામાં ૩૫૦૦થી વધુ લોકોના મોત થયા છે.

ત્યારે હમાસને કોણ હથિયારો પુરા પાડી રહ્યું છે, તેનો ચોંકાવનારો ખુલાસો થયો છે. તાજેતરમાં એક વીડિયો સામે આવ્યો છે, જેમાં હમાસ દ્વારા ૭ ઓક્ટોબરે ઈઝરાયેલ પર કરાયેલા અચાનક હુમલામાં ઉત્તર કોરિયા ના હથિયારાનો ઉપયોગ કરાયો હોવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. એક વીડિયો અને ઈઝરાયેલ દ્વારા જપ્ત કરાયેલ હથિયારો પરથી ધ્યાને આવ્યું છે કે, ઉત્તર કોરિયાને ઈક્કાર કરવા છતાં તે હમાસને હથિયારો વેંચે છે.

મળતા અહેવાલો મુજબ ઉત્તર કોરિયાના ૨ નિષ્ણાંતો દ્વારા વીડિયોનું વિશ્લેષણ કરાયું છે. યુદ્ધ દરમિયાન જપ્ત કરાયેલ હથિયારો અને દક્ષિણ કોરિયાના સૈન્ય ઈન્ટેલિજન્સ સાથેના વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, હમાસે એફ-૭ રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેટનો ઉપયોગ કર્યો છે. ઉલ્લેખનિય છે કે, એફ૭ રોકેટખભા પર રાખી છોડવામાં આવે છે અને તેનો ઉપયોગ વાહનોને ટાર્ગેટ કરવા માટે કરવામાં આવે છે.

કન્સલ્ટન્સી આર્મમેન્ટ રિસર્ચ સર્વિસીસના નિદેશક તરીકે કામ કરતા અને હથિયારોના નિષ્ણાંત એન.આર.જેનજેન-જોન્સ દ્વારા દક્ષિણ કોરિયા અંગેનો ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમના જણાવ્યા મુજબ સીરિયા, ઈરાક, લેબનોન અને ગાઝા પટ્ટીમાં ઘર્ષણ દરમિયાન એફ-૭નો ઉપયોગ કરવામાં આવે છે. જોન્સે એસોસિએટેડ પ્રેસને જણાવ્યું કે, ઉત્તર કોરિયા ઘણા વર્ષોથી પેલેસ્ટાઈની આતંકવાદી જૂથનો સમર્થક છે અને અગાઉના ઘર્ષણોમાં પણ ઉત્તર કોરિયાના હથિયારો મળી આવ્યા છે. પ્યોંગયાગના હળવા હથિયારો વિશે લખનારા સ્મોલ આર્મ્સ સર્વેના વરિષ્ઠ સંશોધનકર્તા મૈટ શ્રોઈડરે જણાવ્યું કે, હમાસે તાલીમ અંગેની તસવીરો જારી કરી છે, જેમાં ફાઈટર પ્લેનને એક હથિયાર સાથે દર્શાવાયું છે, તેના વારહેડ પર એક લાલ પટ્ટી પણ છે. ઉપરાંત તેની ડિઝાઈન પણ એફ૭ જેવી દેખાઈ રહી છે. તેમણે કહ્યું કે, ‘હમાસ પાસે ઉત્તર કોરિયાના હથિયારો હોવા કોઈ આશ્ચર્યની વાત નથી.’

ઉલ્લેખનિય છે કે, મંગળવારે મોડી રાત્રે ગાઝાની એક હોસ્પિટલ પર રોકેટથી હુમલો થયો હતો, જેમાં ૫૦૦ લોકોના મોત અને અસંખ્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ હુમલાને લઈ હમાસ અને ઈઝરાયેલ બંને એકબીજા પર આક્ષેપો કરી રહ્યા છે. બંને દેશોના યુદ્ધની વાત કરીએ તો અત્યાર સુધીમાં યુદ્ધમાં કુલ ૫૦૦૦થી વધુ લોકોના મોત થયા છે, તો સેંકડો લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઉપરાંત લાખો લોકો બેઘર પણ થયા છે. યુદ્ધમાં અત્યાર સુધીમાં ગાઝામાં ૩૫૦૦ લોકોના મોત નિપજ્યા છે, જ્યારે ૧૩૦૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જ્યારે વેસ્ટ બેંકમાં ૬૧ના મોત, ૧૨૫૦ લોકો ઈજાગ્રસ્ત તેમજ ઈઝરાયેલમાં ૧૪૦૦ લોકોના મોત અને ૪૪૭૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

### શરૂઆતના ઘટાડા બાદ બજારમાં સુધારો થયો

# સેન્સેક્સમાં ૨૪૮ અને નિફ્ટીમાં ૪૬ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

## વિપ્રો, ટેક મહિન્દ્રા, યુપીએલ, સન ફાર્મા અને એનટીપીસી નિફ્ટીના ટોપ લૂઝર, અલ્ટ્રાટેક સિમેન્ટ નિફ્ટીમાં ટોપ ગેઇનર્સ

મુંબઈ, તા.૧૯

શરૂઆતી ઘટાડા બાદ બજાર નિચેથી સુધર્યું હતું અને સેન્સેક્સ અને નિફ્ટી નિચેથી સુધરીને બંધ થયા હતા. મિડકેપ, સ્મોલકેપ ફ્લેટ બંધ થયા. ઓટો, એફએમસીજી શેરોમાં ખરીદારી હતી જ્યારે મેટલ, એનર્જી, રિયલ્ટી ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા હતા. ફાર્મા, બેંકિંગ અને ઈન્ફ્રા શેર્સ પર દબાણ હતું.

વિપ્રો, ટેક મહિન્દ્રા, યુપીએલ, સન ફાર્મા અને એનટીપીસી નિફ્ટીના ટોપ લૂઝર હતા. બજાજ ઓટો, એલટૂઆઈમાઈન્ડટ્રી, નેસ્લે ઈન્ડિયા, હિરો મોટોકોર્પઅને અલ્ટ્રાટેક સિમેન્ટનિફ્ટીમાં ટોપ ગેઈનર્સ હતા. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૨૪૭.૭૮ પોઈન્ટ્સ અથવા ૦.૩૮ ટકાના ઘટાડા સાથે ૬૫,૬૨૯.૨૪ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૪૬.૪૦ પોઈન્ટ અથવા ૦.૨૪ ટકાના ઘટાડા સાથે ૧૯૬૨૪.૭૦ ના સ્તર પર બંધ થયો હતો.

ભારતીય શેરબજાર સતત બીજા દિવસે ઘટાડા સાથે બંધ થયું છે. નબળા વૈશ્વિક સંકેતોને કારણે સવારે બજાર લાલ નિશાન સાથે ખુલ્યું હતું. દિવસ દરમિયાન બજાર નીચલા સ્તરેથી રિકવર થયું હતું. પરંતુ બજાર બંધ થાય તે પહેલા પ્રોફિટ બુકિંગ ફરી વળ્યું હતું અને આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૨૪૮ પોઈન્ટના ઘટાડા સાથે ૬૫,૬૨૯ પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૪૬ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૬૨૪ પોઈન્ટ પર બંધ થયો હતો. આજના કારોબારમાં બેંકિંગ, આઈટી, ફાર્મા, મેટલ્સ, રિયલ એસ્ટેટ, એનર્જી, ઈન્ફ્રા, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો ઘટાડા સાથે બંધ થયા છે. જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મીડિયા, એફએમસીજી અને ઓટો સેક્ટરના શેરોમાં તેજી જોવા મળી હતી. આજના કારોબારમાં મિડ-કેપ શેર્સમાં ઘટાડો જોવા મળ્યો હતો જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ શૅર્સમાંથી ૮ શૅર લાભ સાથે અને ૨૨ શૅર નુકસાન સાથે બંધ થયા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શૅરમાંથી ૧૭ શૅર તેજી સાથે અને ૩૩ શૅર નુકસાન સાથે બંધ થયા હતા.

આજે પણ બજારમાં ઘટાડાથી શેરબજારના રોકાણકારોને નુકસાની વેઠવી પડી છે. બીએસઈપર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને રૂ. ૩૨૦.૯૧ લાખ કરોડ થયું છે, જે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૩૨૧.૩૯ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું. એટલે કે આજના વેપારમાં રોકાણકારોને રૂ.૪૮,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. શેરની મુવમેન્ટ પર નજર કરીએ તો બજાજ ઓટો ૬.૭૨ ટકા, નેસ્લે ૩.૭૪ ટકા, હીરો મોટોકોર્પ ૩.૫૭ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૯૦ ટકા, સિપ્લા ૧.૦૫ ટકા, ગ્રાસિમ ૧.૦૨ ટકાના વધારા સાથે બંધ થયા છે.

### પેલેસ્ટાઈન અને ઈઝરાયેલ વચ્ચેના ટકરાવના ૧૪ દિવસ

# ઈઝરાયેલ-પેલેસ્ટાઈન યુદ્ધમાં ૫૦૦૦નાં મોત, ૧૩૦૦૦ ઘાયલ

## ઈઝરાયેલના ૧૪૦૦ના મોત અને ૪૪૦૦ લોકો ઘાયલ

તેલ અવીવ, તા.૧૯

પેલેસ્ટાઈન અને ઈઝરાયેલ વચ્ચેનો ટકરાવ ૧૪મા દિવસમાં પ્રવેશ્યો છે અને આટલા દિવસોમાં બંને પક્ષના ૫૦૦૦ લોકો માર્યા ગયા છે.

પેલેસ્ટાઈનના શાસકોએ કહ્યુ હતુ કે, અત્યાર સુધીમાં પેલેસ્ટાઈનના ૩૫૪૦ નાગરિકો માર્યા ગયા છે અને ૧૩૦૦૦ લોકો ઘાયલ થયા છે.આ પૈકી સૌથી વધારે ૩૪૭૮ લોકોના મોત ગાઝા પટ્ટીમાં અને વેસ્ટ બેંકમાં ૬૨ લોકોના મોત થયા છે.

બીજી તરફ ઈઝરાયેલ સરકારે જેઆંકડા જાહેર કર્યા છે તે પ્રમાણે ઈઝરાયેલના ૧૪૦૦ લોકોના મોત થયા છે અને ૪૪૦૦ લોકો ઘાયલ થયા છે.ઈઝરાયેલની સેનાએ બુધવારે ફરી એક વખત ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા કર્યા હતા.

ઈઝરાયેલનુ કહેવુ છે કે, ગાઝા પટ્ટીમાં આતંકવાદીઓના ઘણા આશ્રયસ્થાનો નષ્ટ કરવામાં આવ્યા છે.તેની સાથે સાથે ટેક્ક વિરોધી મિસાઈલ લોન્ચિંગ જ્યાંથી થાય છે તે જગ્યા, વધારાનુ કમાન્ડ સેન્ટર, આતંકવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી સુરંગો પણ તબાહ કરવામાં આવી છે.

હમાસના ૧૦ જેટલા આતંકવાદીઓ પણ આ હુમલામાં મોતને ભેટયા છે.

ગાઝા પટ્ટીમાં આવેલા રાફા વિસ્તારમાં આતંકી સંગઠન પોપ્યુલર રેઝિસન્ટસ કમિટિની ઈમારતને પણ ઈઝરાયેલા લડાકુ વિમાનોએ ટાર્ગેટ કરી હતી.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના જંગમાં દુનિયાભરમાં ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન એમ બંને પક્ષે દેખાવો થઈ રહ્યા છે.આ જંગને રોકવા માટે પણ માંગ ઉઠી રહી છે.દેખાવકારોનુ એક જૂથ તો બુધવાર અમેરિકન સંસદમાં પ્રવેશી ગયુ હતુ અને તેમાં ૩૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

### ફરી એક વાર કચ્છ જિલ્લામાં ધરા ધ્રૂજી

# કચ્છના રાપરમાં ૨.૯ ની તીવ્રતાના ભૂકંપ આવ્યો

## કચ્છમાં ભૂકંપની ૪ ફોલ્ટલાઈન આવેલી છે જેમાંથી વાગડમાં સાઉથ વાગડ ફોલ્ટલાઈન અને કચ્છમેઈન ફોલ્ટલાઈનનો સંગમ થાય છે

કચ્છ, તા.૧૯

ગુજરાતમાં અવારનવાર ભૂકંપના આંચકા અનુભવાય છે. ફરી એક વાર કચ્છ જિલ્લામાં ધરા ધ્રૂજી છે. કચ્છના રાપર પાસે ભૂકંપના આંચકા અનુભવાયા છે. બપોરે ૩:૦૫ કલાકે ૨.૯ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપર કચ્છથી ૧૮ કિમી દૂર હોવાની માહિતી છે. આ પહેલા ૧૪ ઓક્ટોબરના રોજ પણ કચ્છમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. કચ્છના ખાવડાથી ૧૭ કિમી દૂર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ૧૪ ઓક્ટોબરના રોજ મોડી રાત્રે ૨.૬ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. તે પહેલા પણ ૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ મોડી રાત્રે ભૂકંપના આંચકાનો અનુભવ થયો હતો. જેમા રાત્રિના ૮ વાગ્યા અને ૫૪ મિનિટે ૪.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેનુ કેન્દ્રબિંદુ દૂધઈથી ૧૫ કિલોમીટર દૂર હતુ. આ અગાઉ પણ દૂધઈમાં જ ૩.૩ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. એ ભૂકંપનું કેન્દ્રબિંદુ દુધઈથી ૧૯ કિલોમીટર દૂર નોંધાયુ હતુ. કચ્છમાં છેલ્લા ૨૦ વર્ષથી સતત ભૂકંપના આંચકા કેમ અનુભવાઈ રહ્યા હોય તેવુ આપણે સાંભળીએ છીએ. કચ્છ યૂનિવર્સિટીના સંશોધન અનુસાર આ પાછળનું મુખ્ય કારણ એ છે કે કચ્છમાં ભૂકંપની ૪ ફોલ્ટલાઈન આવેલી છે. જેમાંથી વાગડમાં સાઉથ વાગડ ફોલ્ટલાઈન અને કચ્છમેઈન ફોલ્ટલાઈનનો સંગમ થાય છે. આમ આ બે ફોલ્ટલાઈનો ભેગી થતી હોવાથી અવાર-નવાર ભૂકંપના આંચકાનો અનુભવાય છે. મોટા ભાગે વાગડમાં જે આંચકા આવે છે તે ૨૦૦૧ના ભૂકંપના એપી સેન્ટરની આસપાસ જ નોધાય છે.ભૂકંપના અલગ અલગ પ્રકાર હોય છે. આ અલગ અલગ પ્રકાર દ્વારા અલગ અલગ અસરો પણ જોવા મળે છે. ભૂકંપના કુલ ૪ પ્રકારના હોય છે.

### મળેલ ધમકીની ફરિયાદ નોંધવામાં ન આવતા

# રાજુલાના પી.આઈ. વિરૂદ્ધ માનવ અધિકાર પંચમાં ફરિયાદ

## નવી દિલ્હી સ્થિત કાર્યાલય ખાતે પત્ર પાઠવવામાં આવ્યો

રાજુલા, તા.૧૯

રાજુલા તાલુકાના ધૂળિયા આગરીયા ગામના ધનજીભાઈ સોલાએ રાજુલા પોલીસ સ્ટેશને તા.૦૫/૧૦/૨૩ ના રોજ લેખિત ફરિયાદ આપેલ હતી ત્યારબાદ આજદિન સુધી ફરિયાદના નોંધતા ધનજીભાઈ ભાણાભાઈ સોલાએ નેશનલ હ્યુમન રાઈટ કમિશન દિલ્હી સમક્ષ રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. વિરૂદ્ધ ફરીયાદ કરેલ છે.

હકીકત એમ છે કે રાજુલા તાલુકાના ધૂળિયા આગરીયા ગામના ધનજીભાઈ ભાણાભાઈ સોલાએ રાજકોટના નૈમિષભાઈ પટેલ પાસેથી પેટા કોન્ટ્રાક્ટમાં નાના ખુટવડા ગામે સ્કૂલના રૂમોનું કામ રાખેલ જે કામ નબળું કરવા નૈમિષભાઈ પટેલ તથા જતીનભાઈ ખૂંટ દ્વારા ધનજીભાઈ સોલા ઉપર બાંધકામના ઓછું મટીરીયલ વાપરવા ખૂબ દબાણ થતા જેમાં ધનજીભાઈ સહમત ન થતાં આ બાબતે નૈમિષ પટેલે તથા જતીનભાઈ ખૂંટ વચ્ચે મજૂરીના રૂપિયા ૫ લાખ આપેલ નહિ તથા રૂ।.૮ લાખનો સેન્ટ્રીંગનો સામેલ આપેલ નથી તેમજ આ બાબતે ફોન ઉપર રૂપિયા આપવાની વાત કરતા ફોન ઉપર ધાક ધમકી આપી અને રૂપિયા અને સામાંનના આપવા અને થાય તે કરી લેવા ની ફોન ઉપર ધમકી આપેલ આ બાબતે ધમકીનો ઓડિયા રેકોર્ડ સાથે તા.૫/૧૦/૨૩ ના રોજ રાજુલા પોલીસ સ્ટેશને લેખિત ફરિયાદ આપેલ હતી છતાં ફરિયાદ લેવાનીના પડતા તા. ૦૯/૧૦/૨૩ ના રોજ જિલ્લા પોલીસ અધિકારી હિમકરસિંહ રાજુલા પોલીસ સ્ટેશને આવેલ હોય જેથી ત્યાં પણ એસ.પી.ને પી. આઈ. રૂબરૂ રજૂઆત કરેલ ત્યારે એફ.આઈ.નોંધવાની ખત્રી આપેલ હોવા છતાં આજ દિન સુધી ફરિયાદ નોંધેલ ના હોય જેથી ધનજીભાઈ ભાણાભાઈ સોલાએ નેશનલ હ્યુમન રાઈટ કમિશન દિલ્હી સમક્ષ રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ.વિરૂદ્ધ ફરીયાદ કરેલ છે. તેમજ જો ફરિર્યા નહિ નોંધવામાં આવે તો જિલ્લા કલેકટર સમક્ષ ઉપવાસ પર બેસવાની તેમજ સર્વે શિક્ષા અભિયાન હેઠળના સ્કૂલના બિલ્ડીંગના પાયામાંથી આ કામમાં લોખંડ ઓછું નાંખવુ, સિમેન્ટ ઓછી વાપર્યા જેવા કામમાં કોન્ટ્રાક્ટર નૈમિષભાઈ પટેલ તથા જતીન ખૂંટ દ્વારા કરેલ ભ્રષ્ટાચાર આચરેલ છે, બાળકોના જીવ જોખમાય તેવું કામ કરેલ હોય તેની પણ ઊંડી તાપસ કરવા પણ કાર્યવાહી કરવાના છે.

આ તમામ મુદ્દે તથા પી.આઈ. રઈરાદે ફરિયાદ નોંધેલના હોય જે તમામ મુદ્દે તાપસ કરવા માનવ અધિકાર પંચ દિલ્હીને ફરિયાદ કરેલ છે.

### મહિલા અને બાળ અધિકારી કચેરીના માર્ગ દર્શનતળે

# અમરેલીમાં સખીવન સ્ટોપ સેન્ટર દ્વારા ૧૨૫૫ જેટલી હિંસાથી પીડિત બહેનોને મદદ કરાઈ

## પોલીસ ફરિયાદ કરવા માટે મદદ મળી

અમરેલી તા.૧૯

ભારત સરકાર પુરસ્કૃત અને મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા સંચાલિત 'સખી વન સ્ટોપ સેન્ટર' અમરેલી, જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના માર્ગદર્શન નીચે અમરેલી – સિવિલ હોસ્પિટલ ખાતે છેલ્લા ૫ વર્ષથી ૨૪×૭ કાર્યરત છે.

દરમિયાન અમરેલી જિલ્લાના એક બહેનને તેના ભાઈ અને ભાઈના મિત્રથી ખૂબ જ શારીરિક માનસિક ત્રાસ હોય, બહેન મહિલા પોલીસ સ્ટેશન અમરેલી દ્વારા સેન્ટર પર આવેલા. સેન્ટર પર બહેનનું કાઉન્સેલિંગ કરતા જણાયું કે બહેનને પોલીસ મદદની જરૂર હોય,બહેનને સાવરકુંડલા પોલીસ સ્ટેશનથી મદદ પૂરી પાડી છે.

આમ 'સખી વન સ્ટોપસેન્ટર' પર આશ્રય મેળવી બહેનને પોલીસે મદદ પૂરી પાડતા બહેન ફરિયાદ પ્રક્રિયામાં આગળ વધ્યા છે.

'સખી વન સ્ટોપ સેન્ટર' દ્વારા અત્યાર સુધીમાં ૧૨૫૫ જેટલી હિંસાથી પીડિત બહેનોને મદદ પૂરી પાડવામાં આવેલ છે.

જેમાં પોલીસ મદદ,કાનૂની મદદ,તબીબી સહાય, હંગામી ધોરણે આશ્રય તેમજ સામાજિક પરામર્શ તેમજ કાયદાકીય મદદ જેવી સેવાઓ પૂરી પાડવામાં આવે છે.અમરેલી જિલ્લામાં કોઈપણ ખૂણે રહેલ બહેન અડધી રાત્રે પણ ૧૮૧ દ્વારા વન સ્ટોપ સેન્ટર પર આવીને મદદ મેળવી શકે છે.

### રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણ વિવાદ

# લાઉડ સ્પીકરનો જાહેરમાં ઉપયોગ પહેલા લાયસન્સ લેવું ફરજિયાત

## પોલીસની પરવાનગી વગર જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે : પોલીસ શરતોને આધીન લાઉડ સ્પીકર વગાડવા મંજૂરી આપી શકશે

અમદાવાદ, તા.૧૯

રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણ વિવાદ મુદ્દે થયેલી અરજીમાં અમદાવાદ પોલીસનું સોગંદનામુ રજૂ કર્યુ છે. લાઉડ સ્પીકર વેચનારે તેમાં સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરવું ફરજિયાત છે. લાઉડ સ્પીકર ખરીદનારે જાહેરમાં ઉપયોગ પહેલા લાઈસન્સ લેવું ફરજિયાત છે. તો પોલીસની પરવાનગી વગર જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. પોલીસ શરતોને આધીન લાઉડ સ્પીકર વગાડવા મંજૂરી આપી શકશે.

રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણ વિવાદ મુદ્દે થયેલી અરજીમાં અમદાવાદ પોલીસનું સોગંદનામુ રજૂ કર્યુ છે. જેમાં જણાવવામાં આવ્યુ છે કે લાઉડ સ્પીકર વેચનારે તેમાં સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરવું ફરજિયાત છે. લાઉડ સ્પીકર ખરીદનારે જાહેરમાં ઉપયોગ પહેલા લાઈસન્સ લેવું ફરજિયાત છે. તો પોલીસની પરવાનગી વગર જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. પોલીસ શરતોને આધીન લાઉડ સ્પીકર વગાડવા મંજૂરી આપી શકશે. અમદાવાદ પોલીસ કમિશનરના જાહેરનામા પ્રમાણે વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં રેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સિસ્ટમ ભાડે આપી શકાશે નહીં.સાથે જ હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે. જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહીં. જાહેરનામા પ્રમાણે એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો ગીતોનો માઈક સિસ્ટમમાં ઉપયોગ કરવો નહીં. રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફિકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો કાયદાઓનો અમલ કરવા તથા જાહેર રસ્તા પર નાચ ગાન ગરબા કરવા નહીં.

શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધ માંથી છુટછાટ રહેશે.

ચોક્કસ ડેસીબલ સુધીના ધ્વનિ પ્રમાણેના લાઉડ સ્પીકરને જ મંજૂરી આપવાનો નિયમ છે. આ નિયમ છતાય સાઉન્ડ લિમિટ વગરના લાઉડ સ્પીકર બેફામ વાગી રહ્યા હોવાની રજૂઆતહતી. ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ આવા ગુના નોંધવાની જોગવાઈ કરાઈ હોવાની પોલીસે કબુલાત કરી છે.

કલમ ૧૮૮માં આવેલા સુધારા બાદ હવે જાહેરનામા ભંગ બદલ હવે સીધી એફઆઈઆર પર કોર્ટ કાર્યવાહી થઈ શકશે. જાહેર રસ્તા કે અન્ય સ્થળે ડીજે ટ્રક કે વાજિંત્રોના ઉપયોગ માટે સાત દિવસ અગાઉથી પરવાનગી લેવાની રહેશે. સક્ષમ પોલીસ અમલદાર ગમે તે સમયે આ પરવાનગી જોવા માગે તો તેને બતાવવી પડશે. રાત્રિના ૧૦:૦૦ કલાકથી સવારના ૬ વાગ્યા સુધીમાં ડીજે ટ્રક કે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં.

# ડાભાળીનાં ધર્મવીર વાળા નો આજે જન્મદિવસ



ધારી, તા.૧૯

ધારી તાલુકાના ડાભાળીના રહેવાસી રવિરાજભાઈ દિલુભાઈ વાળાના પુત્ર ધર્મવીરનો આજે જન્મદિવસ છે. રવિરાજભાઈ વાળાના લાડકા દીકરા ધર્મવીરનો આજે જન્મદિવસ છે જેમણે આજરોજ ૮ વર્ષ પૂર્ણ કરી ૯ મા વર્ષમા મંગલ પ્રવેશ કરતા જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# જાફરાબાદના મોટા ઉંચાનિયા વિસ્તારમાં ગંધાતા ગટરના પાણી રોડે ચડયા



જાફરાબાદ,તા.૧૯

જાફરાબાદમાં પાલિકા કચેરી ની બાજુમાં આવેલ વિસ્તાર મોટા ઊંચાનિયા વિસ્તારમાં મેન રોડ ઉપર ગંધાતા ગટરના પાણીમાંથી પસાર થતા નાગરિકો નગરપાલિકાને દરેક સ્તરે વેરો ભરવા છતાં સુવિધા ઝીરો આજુબાજુમાં રહેણાંક મકાનો આવેલ હોય બાજુમાં માંથી રોડ ઉપરથી ગંધાતા પાણી રોડે ચડયા લોકોનું સ્વસ્થ આરોગ્ય ઉપર ગંભીર ખતરો હોય પરંતુ નગરપાલિકાને આ ગંદગી દેખાતી નથી સ્વચ્છતા હી સેવાની અભિયાનની ગુલબાંગો ફેંકતા લોકો દ્વારા મોટા ઊંચાનિયા વિસ્તારોમાં આવી જોઇ તો ખબર પડે કે લોકો કેવી પરિસ્થિતિ માં જીવી રહ્યા છે. સ્વચ્છતા અભિયાનની ખુલી પોલ ઠેર–ઠેર ઉભરાતી ગટરના ગંદા પાણી ગટરની ગંદકી ખદબદતી હોય પરંતુ પાલિકા થી આમ જનતા ત્રાહિમામ પોકારી ઉઠી મચ્છર રજન્ય રોગચાળાની દહેશત તંત્ર દ્વારા સફાઇ અંગે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ઉભરાતી ગટરો ના ગંદા પાણી એ ભરડો લીધેલ સફાઈ બાબતે ગામડાં કરતા પણ બદતર હાલત જોવા મળી રહેલ છે.ગટરના યોગ્ય મેનેજમેન્ટના અભાવે રોડ ઉપર ગટરના પાણી ઉભરાઈ રહેલ છે. નાગરિકોવેરો ભરવા માટે કલાકો સુધી લાઈનમાં રહી ને પણ વેરો ભરવા છતાં પણ સુવિધા સારી એવી દેવામાં તાતાથૈયા આ બાબતે વહીવટી તંત્ર ધ્યાન આપશે ? આ બાબતે ભાવનગર નિયામક કચેરી જનતાની સમસ્યાનો અભ્યાસ કરી નિકાલકરે તેવી લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. ગટરના ગંદા પાણીથી નાગરિકોના સ્વસ્થ માટે ખતરો આ ભૂગર્ભ ગટર ના ગંદા પાણી થી મચ્છર ઉત્પન્ન થાય અને રોગ ચાળો ફેલાય તો જવાબદાર કોન? તેવી જનતા જનાર્દનમાંથી ચચાઓ થઈ રહી છે.

# સા.કુંડલા : શ્રીમતિ વી.ડી.ઘેલાણી મહિલા કોલેજમાં નવરાત્રિ મહોત્સવ ઉજવાયો





સાવરકુંડલા. તા.૧૯

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આટર્સ કોલેજમાં નવરાત્રિ નિમિત્તે રાસ – ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીની બહેનોએ મોટી સંખ્યામાં ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો શુભારંભ માતાજીની આરતીથી કરવામાં આવ્યો. તથા કોલેજના કાર્યકારી આચાર્ય ડી.એલ.ચાવડા બહેનોને શુભેચ્છા પાઠવી કાર્યક્રમને ખુલ્લો જાહેર કર્યો.આ કાર્યક્રમનું આયોજન સાંસ્કૃતિક વિભાગના કન્વીનર પ્રો.ડો. રૂકસાનાબેન કુરેશી અને ડો.હરિતાબેન જોષીએ કરેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફ મિત્રોએ પણ પૂર્ણ સહયોગ આપેલ છે. કોલેજની બહેનોને પ્રોત્સાહન પૂરૂં પાડવા અતિથિ વિશેષ શ્રીમતી શાંતિબેન ચાવડા પણ ઉપસ્થિત રહેલ હતાં.

### જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને

# ડિસ્ટ્રીકટ ટાસ્કફોર્સ ઇમ્યુનાઇઝેશનની બેઠક યોજાઇ



અમરેલી, તા.૧૯

જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રીકટ ટાસ્કફોર્સ ઈમ્યુનાઈઝેશનની બેઠક યોજાઈ હતી. બેઠકમાં આઈ.એમ.આઈ ૫.૦ કામગીરી, રૂટીન ઈમ્યુનાઈઝેશન કામગીરી, ડિસેમ્બર,૨૩ મિઝલ્સ અને રૂબેલા એલીમિનેશન, વી.પી.ડી. સર્વેલન્સ સહિતની સમીક્ષા કરવામાં આવી હતી.

એપ્રિલ ૨૩ થી આજ દિન સુધીમાં પૂર્ણ ઈમ્યુનાઈઝેશન કવરેજ અંતર્ગત જિલ્લામાં ઓવરઓલ ૯૫ ટકા કવરેજ પ્રાપ્ત થયું છે. ઉપરાંત મિઝલ્સ અને રૂબેલા કવરેજ અંતર્ગત ૯૭ ટકા કવરેજ પ્રાપ્ત થયું છે. જિલ્લામાં સપ્ટેમ્બર–૨૨ થી નવેમ્બર–૨૨ સુધીમાં કુલ ૮૫૯૮ જન્મેલા બાળ કોમાંથી ૮૧૭૩ બાળકોનું પૂર્ણ ઈમ્યુનાઈઝેશન કવરેજ છે. જયારે તમામ બાળકો પૈકી કુલ ૩૬૫ બાળકો હજુ પણ પૂર્ણ ઈમ્યુનાઈઝેશન કવરેજમાં સમાવિષ્ટ નથી. આમ નવા જન્મેલા બાળકોમાં કુલ ૯૫ ટકા બાળ કોનું પૂર્ણ ઈમ્યુનાઈઝેશન કવરેજ પ્રાપ્ત થયું છે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોષી સહિત તમામ સંબંધિત અધિકારી–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હિન્દુસ્તાની સભ્યતાનું નામ જ ગૌસેવા છે : વિનોબા ભાવે



– ગૌ રક્ષા વિના માનવ રક્ષા સંભવ નથી– ભગવાન મહાવીર

ગૌમાતાની સેવા–રક્ષાનો સંકલ્પ કરીએ.ગાય આપણા આરાધ્યાની આરાધ્યા છે. ગૌમાતામાં સમગ્ર દેવી દેવતાઓ નિવાસ કરે છે. ગૌમાતાની સેવાથી પણ સદગતી પ્રાપ્ત થાય છે. આજના યુગમાં ભગવાનને અનેક પ્રકારનાં ભોગો ધરવામાં આવે છે.પરંતુ તેમની પ્રાણ પ્યારી ગૌમાતા ઘણી જગ્યાએ ભૂખી – તરસી જોવા મળે છે. ગૌમાતાની સેવાનો પથ સંકલ્પ લઈએ.

ગૌમાતા માટે આપણે શું શું કરી શકીએ?

–ભારતની દેશી કુળની ગાયનાં દૂધ,ઘી જ ઉપયોગ કરીએ.

–પંચગવ્ય નીર્મીત દવાઓનો ઉપયોગ કરીએ.

–ગૌ આધારિત જૈવિક ખેતી અપનાવીએ.

–ગૌ આધારીત ગ્રામધોગની સ્થાપના કરીએ. –એક પરિવાર થકી એક ગાયનું પાલન પોષણ કરીએ.

–ગૌચરની જાળવણી કરીએ અને દબાણ હટાવીયે.

–ગૌશાળા શરૂ કરવામા નિમિત બનીએ.

–ગૌ સારવાર કેન્દ્રો હોસ્પિટલને મદદરૂપ થઈએ.

–માંગલિક કાર્યો અને શુભ અવસરો પર મંગલવિધી અપનાવીએ.

–જન્મદિવસ,લગ્ન સંસ્કાર જેવા તેમજ અન્ય પ્રસંગો ઉપર ગૌમાતાનું સ્મરણ કરી દાન કરીએ.

– દિકરીને એક ગાયનું દાન આપીએ.

–ઘરમાં સર્વ દેવમયી ગૌમાતાનું ચિત્ર લગાવીયે.

–ગોપાલકોને આદર અને સન્માન આપએ. –દરરોજ ગૌમાતાનાં દર્શન કરએ.

–વર્ષમાં અનેક વખત ગૌશાળ ા–પાંજરાપોળની મુલાકાત લઈએ.

–ગૌ ઉત્સવો જોરશોરોથી ઉજવવાની શરૂવાત કરીએ.

–ગૌ સેવા અર્થે પ્રકાશિત થતી પત્રિકાઓ અને સાહિત્ય જરૂર મંગાવીએ તેમજ મીડીયામાં ગૌસેવાનો પ્રચાર કરીએ.

–ગૌ રક્ષા,ગૌપાલન અને ગૌ સંર્વધન સહિતનાં ગૌસેવાનાં તમામ કાર્યોમાં સહયોગ આપીએ.

– **મિતીલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### વુમન્સ પ્રીમિયર લીગ ૨૦૨૪ની તૈયારી ધીમે-ધીમે શરૂ

# મહિલા પ્રિમિયર લિગની પાંચ ટીમોનાં ખેલાડીના નામ જાહેર

## ૬૦ ખેલાડી રિટેન, ૨૯ ખેલાડીને રિલિઝ કરી દેવાયા

મુંબઈ, તા.૧૯

વુમન્સ પ્રીમિયર લીગ ૨૦૨૪ની તૈયારીઓ ધીમે-ધીમે શરુ થઈ રહી છે. ડબલ્યુપીએલની પાંચ ટીમોએ ખેલાડીઓની લીસ્ટ જાહેર કરી છે જેમાં ૬૦ ખેલાડીઓએ રીટેન કરવામાં આવ્યા છે. જયારે ૨૯ ખેલાડીઓને રિલીઝ કરી દેવાયા છે. રિલીઝ લીસ્ટમાં ઘણાં મોટા ખેલાડીઓનું નામ સામેલ છે. દિલ્હી કેપિટલ્સ, ગુજરાત જાયન્ટ્સ, મુંબઈ ઈન્ડિયન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને યુપી વોરિયર્સે લીસ્ટ બહાર પડી છે.

યુપી વોરિયાર્સે એલિસા હીલી, દીપ્તિ શર્મા અને ગ્રેસ હેરિસને રિટેન કરી છે. જયારે બેંગ્લોરે એલિસ પેરી,હીથર નાઈટ અને રેણુકા સિંહને રિટેન કરી છે. મુંબઈ ઈન્ડિયન્સએ હરમનપ્રીત કોર અને અમનજોત કોરને રિટેન કરી છે. ગુજરાત જાયન્ટ્સે ગાર્ડનરને ટીમમાં રાખી છે. જયારે કેટલીક ટીમોએ મોટા પ્લેયર્સને ડ્રોપ કરી દીધા છે. ગુજરાતે એનાબેલ સધરલેન્ડને રિલીઝ કરી દીધી છે.

દિલ્હી કેપિટલ્સ

રિટેન કરાયેલા ખેલાડીઓઃ એલિસ કેપ્સી, અરુંધતિ રેડ્ડી, જેમિમાહ રોડ્રિગ્સ, જેસ જોનાસન, લૌરા હેરિસ, મેરિઝાન કેપ, મેગ લેનિંગ, મિનુ મણિ, પૂનમ યાદવ, રાધા યાદવ, શફાલી વર્મા, શિખા પાંડે, સ્નેહા દીપ્તિ, તાન્યા ભાટિયા, તિતાસ સાધુ.

રિલીઝ થયેલા ખેલાડીઓઃ અપર્ણા મંડલ, જસિયા અખ્તર, તારા નોરિસ*

ગુજરાત જાયન્ટ્સ

રિટેન કરાયેલા ખેલાડીઓ : એશ્લે ગાર્ડનર*, બેથ મૂની*, દયાલન હેમલતા, હરલીન દેઓલ, લૌરા વોલ્વાર્ડ*, શબનમ શકીલ, સ્નેહ રાણા, તનુજા કંવર.

રિલીઝ થયેલા ખેલાડીઓ : એનાબેલ સધરલેન્ડ*, અશ્વની કુમારી, જ્યોર્જિયા વેરહેમ*, હર્લી ગાલા, કિમ ગાર્થ*, માનસી જોશી, મોનિકા પટેલ, પારુણિકા સિસોદિયા, સબીનેની મેઘના, સોફિયા ડંકલી*, સુષ્મા વર્મા.

મુંબઈ ઈન્ડિયન્સ

રિટેન કરાયેલા ખેલાડીઓ : અમનજોત કૌર, એમેલિયા કેર*, ક્લોઇ ટ્રાયન*, હરમનપ્રીત કૌર, હેલી મેથ્યુસ*, હુમૈરા કાઝી, ઈસાબેલ વોંગ*, જિંતિમાની કલિતા, નતાલી સાયવર*, પૂજા વસ્ત્રાકર, પ્રિયંકા બાલા, સાયકા ઈશાક, યસ્તિકા ભાટિયા.

રિલીઝ થયેલા ખેલાડીઓઃ ધારા ગુજ્જર, હીથર ગ્રેહામ*, નીલમ બિષ્ટ, સોનમ યાદવ

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર

રિટેન કરાયેલા ખેલાડીઓઃ આશા શોભના, દિશા કાસત, એલિસ પેરી, હીથર નાઈટ, ઈન્દ્રાણી રોય, કનિકા આહુજા, રેણુકા સિંહ, રિચા ઘોષ, શ્રેયંકા પાટીલ, સ્મૃતિ મંધાના, સોફી ડિવાઈન*

રિલીઝ થયેલા ખેલાડીઓઃ ડેન વેન નિકેર્ક, એરિન બર્ન્સ, કોમલ ઝાંઝડ, મેગન શૂટ, પૂનમ ખેમનાર, પ્રીતિ બોઝ, સહાના પવાર

યુપી વોરિયર્સ

રિટેન કરાયેલા ખેલાડીઓઃ એલિસા હીલી, અંજલિ સરવાણી, દીપ્તિ શર્મા, ગ્રેસ હેરિસ, કિરણ નવગીરે, લોરેન બેલ, લક્ષ્મી યાદવ, પાર્શ્વી ચોપરા, રાજેશ્વરી ગાયકવાડ, એસ. યશશ્રી, શ્વેતા સેહરાવત, સોફી એક્લેસ્ટોન, તાહલિયા મેકગ્રા

રિલીઝ થયેલા ખેલાડીઓઃ દેવિકા વૈદ્ય, શબનીમ ઈસ્માઈલ*, શિવલી શિંદે, સિમરન શેખ

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધ અટકવાનો કોઈ સંકેત નહીં

# યુદ્ધ અટકાવવાની માગ સાથે યહૂદીઓનો યુએસ સંસદને ઘેરાવ

## યહૂદી સંગઠનોએ વ્હાઈટ હાઉસની નજીક દેખાવો કર્યા

વોશિંગ્ટન, તા.૧૯

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૧૨ દિવસોથી યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. હજારો લોકો આ યુદ્ધમાં જીવ ગુમાવી ચૂક્યા છે પણ અત્યાર સુધી યુદ્ધવિરામના કોઈ સંકેત જોવા મળી રહ્યા નથી. દરમિયાન ગાઝા પર હુમલા બંધ કરવા અને યુદ્ધવિરામની માગ સાથે પ્રગતિશીલ યહુદી-અમેરિકી કાર્યકરોએ વોશિંગ્ટનમાં યુએસ કેપિટલ (અમેરિકી સંસદ ભવન)માં ઘૂસીને ધરણાં કર્યા હતા.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધની સ્થિતિ દરમિયાન અમેરિકી સંસદ પાસે આ લોકોએ યુદ્ધવિરામ કરાવવાની માગ કરી હતી. યહૂદી સંગઠનોએ વ્હાઈટ હાઉસની નજીક કલાકો સુધી આ જ રીતે દેખાવો કર્યા હતા. સેંકડો દેખાવકારો બુધવારે વોશિંગ્ટનમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેનના નિવાસની બહાર એકઠાં થયા હતા અને યુદ્ધને રોકવા આગ્રહ કર્યો હતો. દરમિયાન યુએસ કેપિટલ હિલ પોલીસે જણાવ્યું કે દેખાવકારોના એક સમૂહે સંસદ ભવનની અંદર કબજો કરી લીધો છે. ગાઝામાં યુદ્ધ વિરામની માગ કરી રહેલા આ દેખાવકારોની ધરપકડ કરી લેવામાં આવી હતી. દેખાવકારોએ કોંગ્રેસમાં ગાઝામાં યુદ્ધવિરામ કરાવવા આહ્વાન કરવાની માગ કરી હતી. યહૂદી વોઈસ ફોર પીસ અનુસાર હજારો અમેરિકી યહુદીઓએ સંસદની બહાર દેખાવ કર્યા હતા. જોકે ૩૫૦થી વધુ અંદર પ્રવેશી ગયા હતા. યહૂદી સંગઠને એક્સ પર પોસ્ટમાં કહ્યું કે અમારી ધરપકડ કરાઈ રહી છે પણ અમે અહીંથી ત્યાં સુધી નહીં હટીએ જ્યાં સુધી અમને યુદ્ધવિરામ મામલે આશ્વાસન નહીં મળે અને ગાઝામાં પેલેસ્ટિની નાગરિકોનું નરસંહાર બંધ નહીં થાય.

# ફી રેગ્યુલેશન એકટ અન્વયે એફિડેવીટ, દરખાસ્ત જમા કરાવવી

અમરેલી તા.૧૯

FRC ACT – ૨૦૧૭ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – અમરેલીના તાબા હેઠળ આવતી પ્રાથમિક,માધ્યમિક ઉ.માધ્યમિક ખાનગી શાળાઓની શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે એફિડેવીટ, દરખાસ્ત જ સંબંધિત સૂચનાઓ http://deoamreli.com પર પરિપત્ર નં–૪૩૪ થી મુકેલ છે જે ધ્યાને લઈ ૨ કોપીમાં રૂબરૂ અત્રે ફાઈલ જમા કરાવવાની રહેશે. સમય મર્યાદામાં એફિટેવીટ, દરખાસ્ત રજૂ કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં ઉપસ્થિત થનાર તમામ પરિસ્થિતિ માટે શાળા,સંચાલક મંડળ જવાબદાર રહેશે તેમ જિલ્લા શિક્ષણાધિકારી અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# નારી તું નારાયણ : લીલીયા મોટા તા.પં.ની ન્યાય સમિતિના ચેરમેનપદે યુવા વયે શ્વેતાબેન હેલૈયા






લીલીયા તાલુકા પંચાયત કચેરી ખાતે આજરોજ ગુજરાતના સૌથી નાની વયના ેતાબેન હેલૈયાએ ન્યાય સમિતિના ચેરમેન તરીકે ચાર્જ સંભાળ્યો જેમાં એ.ટી.ડી.ઓ સચિવ ન્યાય સમિતિ દ્વારા જાહેરાત કરવામાં આવેલ ન્યાય સમિતિના સભ્યો પાંચ પૈકી ચાર મત ેતાબેન ભરતભાઈ હેલૈયાની તરફેણમાં પડતા તેમને સ્પષ્ટ બહુમતી મળેલ હોય શ્વેતાબેનને લીલીયા તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે સચિવ કિશોરભાઈ આચાર્ય દ્વારા જાહેર કરવામાં આવેલ ત્યારે ગુજરાતના સૌથી નાની વયના એટલે કે ૨૩ વર્ષીય શ્વેતાબેનનો અભ્યાસ એમ.બી.એ. હોય ત્યારે વિસ્તારને સરકારમાંથી વધુમાં વધુ વિકાસ કામો લાવી અને સરકારને નેમ મુજબ સૌનો સાથ સૌનો વિકાસનું સૂત્ર આવનાર દિવસોમાં સાર્થક થશે આ તકે તાલુકા વિકાસ અધિકારી હેતલબેન કટારા તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ અને સદસ્યો દ્વારા શ્વેતાબેનને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવેલ આ તકે ભાજપ અગ્રણીઓ સમાજના આગેવાનો અને શુભેચ્છકો દ્વારા શ્વેતાબેનને શુભકામના પાઠવવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીમાં માટી ભરેલ

શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ–વિદ્યાર્થિનીઓ, એન.સી.સી. કેડેટસ અને એન.એસ.એસ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્વયંસેવકોએ શહેરના મુખ્યમાર્ગો પરથી 'ભારત માતા કી જય', 'મારી માટી મારો દેશ', 'જય જવાન'ના નારાઓ સાથે પસાર થયા હતા.

શહેરના સેન્ટર પોઈન્ટ, સિનિયર સિટીઝન પાર્ક ખાતેથી 'અમૃત કળશ યાત્રા'ને પ્રસ્થાન કરાવતા નાયબ મુખ્ય દંડકે જણાવ્યું હતું કે, આજે અમરેલી જિલ્લાની તમામ નગરપાલિકાઓમાંથી એકઠી કરવામાં આવેલી અમૃત માટીને ભરેલા અમૃત કળશ અમરેલી આવી પહોંચ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને નેતૃત્વમાં સમગ્ર દેશમાં યોજાઈ રહેલા આ કાર્યક્રમની કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાની નગરપાલિકાઓની માટી એકઠી કરવામાં આવી છે. આ માટી અમરેલીથી રાજયકક્ષાએ અને ત્યાંથી રાષ્ટ્રીય કક્ષાએ મોકલવામાં આવશે.

અમરેલી નગરમાં યોજાયેલી 'અમૃત કળશ યાત્રા' સેન્ટર પોઈન્ટ, સિનિયર સિટીઝન્સ પાર્કથી પ્રસ્થાન થઈ નાગનાથ મંદિર, રાજકમલ ચોક, ટાવર ચાર રસ્તા સહિતના વિસ્તારોમાં થઈ પરત ફરી હતી. ઉર્જામય માહોલમાં અમરેલી નગર દેશભકિતના રંગે રંગાયું હતું. દેશની માટીને નમન અને વીરોને વંદન કરવાના અવસરમાં અમરેલી જિલ્લાના નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમમાં નગરપાલિકાના પ્રમુખ, સભ્યો, ચીફ ઓફિસર, પોલીસ વિભાગ, ફાયરબ્રિગેડ અને શૈક્ષણિક સંસ્થાના શિક્ષકો, સ્ટાફ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હોટેલ, ગેસ્ટ હાઉસ માલિકોએ ગ્રાહકની માહિતીની 'પથિક' વેબ પોર્ટલ પર એન્ટ્રી કરવી

અમરેલી, તા. ૧૯

જિલ્લામાં 'પથિક' સોફટવેરના અમલીકરણ બાબતે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ – ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) અંતર્ગત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ હોટેલ / ગેસ્ટ હાઉસ માલિકોએ હોટેલ / ગેસ્ટ હાઉસમાં રોકાણ કરનાર ગ્રાહક / મુસાફરોની માહિતી 'પથિક' વેબ પોર્ટલ પર એન્ટ્રી કરવી.સરકાર દ્વારા પથિક (PATHIK-Programme for Analysis of Travelers and Hotal information) વિકસિત કરવામાં આવી છે, જેનું સર્વર ક્રાઈમ બ્રાંચ, અમદાવાદ ખાતે કાર્યરત છે. ક્રાઈમ બ્રાંચના સોફટવેર સાથે રજીસ્ટર થયેલા હોય તે હોટલ ધારક જ અને ત્યાંથી આપવામાં આવેલા યુઝર નેઈમ અને પાસવર્ડ થકી જ પોર્ટલ પર માહિતીની એન્ટ્રી કરી શકાશે. સમય મર્યાદામાં ગુનાઓ બનતા અટકાવવા અને ગુનાઓના ડિટેકશનમાં પણ ટેકનોલોજી મદદરૂપ થઈ શકે તેમ છે. ગુનાઓ અને આતંકવાદી પ્રવૃત્તિઓ અટકાવવા આ પથિક સોફટવેર મદદ કરે છે. પથિક સોફટવેરમાં ડેટા એન્ટ્રી માટે બહુમાળી ભવન,એ બ્લોક, પ્રથમ માળ, રૂમ નં.૧૦૨, એસ.ઓ.જી. શાખા, અમરેલી ખાતેથી યુઝર આઈ – ડી અને પાસવર્ડ દિન–૧૦માં મેળવી લેવાના રહેશે.આ હુકમ તા.૧૭/૧૦/૨૦૨૩ થી તા.૧૭/૧૨/૨૩ બંને દિવસો સહિત અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૧૮૮ હેઠળ સજાને પાત્ર રહેશે.

## બાબરામાં ઓ.આર. પટેલની પુણ્યતિથિએ રકતદાન કેમ્પ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા.૧૯

બાબરામાં ચિતલ રોડપર આવેલ દસલાણીયા પરિવારની વાડી ખાતે પ્રેરણા મૂર્તિ અને સેવા મૂર્તિ તેમજ માં ઉમિયા અને પાટીદાર સમાજનો વિજય ધ્વજ દેશ વિદેશમાં ફરકાવનાર પાટીદાર સમાજના કર્ણધાર પારસમણી દિવંગત ઓ.આર.પટેલની ૧૧મી પુણ્યતિથિ નિમતે બાબરા તાલુકા ઉમિયા પરિવાર સમિતિ દ્વારા ફોટો પૂજન અને મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજના અગ્રણીઓ અને લોકો દ્વારા મોટી સંખ્યામાં રક્તદાન કરવામાં આવતા ૬૨ જેટલી બોટલ એકત્ર કરવામાં આવી હતી. આ પ્રસંગે બાબરા શહેરના પાટીદાર સમાજના અગ્રણીઓ અને તાલુકા ઉમિયા પરિવાર સમિતિના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જાહેર નોટિસ

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી.**

અપીલ રજી. નં. ૧૫૭/૨૦૨૩

અરજદાર : શ્રી કમલેશભાઈ ભુપતભાઈ પરસાણા
ઠે.ડી.–૩૦૩, સુયોગ એપાર્ટમેન્ટ, વૃંદાવન બંગ્લોઝ સામે, થલતેજ, અમદાવાદ.

**એડવોકેટ : સંદિપભાઈ પંડયા–અમરેલી**

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
–વ–
ચીફ ઓફીસરશ્રી, અમરેલી નગરપાલિકા મુ. અમરેલી, તા.જિ. અમરેલી.

**// જાહેર નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના રહીશ શ્રી કમલેશભાઈ ભુપતભાઈ પરસાણાએ તેમના પુત્ર મીત કમલેશભાઈ પરસાણાનો જન્મ તા. ૧૩/૦૨/૧૯૯૮ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૮/૧૦/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સિક્કો

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી**

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ હિતેષભાઈ એમ. મીઠાપરાએ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ/તાકીદ કરું છું કે, અમારી પાસેથી અમારા અસીલ મગનભાઈ બેચરભાઈ આંબલીયા રે. અમરાપરા, તા. બાબરા, જિ. અમરેલી વાળાની મિલકત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે તે મિલકત સંદર્ભ અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરા નગર પાલિકામાં આવેલ મિલકત રહેણાંક હેતુ મિલકત આકારણી નં. ૧૦૦૭૭૧૮૩ની બિન ખેતી સર્વે નં. ૭૧૬, પ્લોટ નં. ૯ પૈકી, ચો.મી. ૧૩૨.૫૪ વાળી મિલકતનું ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે. તે અમારા અસીલે ફરજાનાબેન ફિરોજભાઈ અગવાન, વી. ૨, રે. બાબરા, જિ. અમરેલી. પાસેથી ખરીદ કરેલ છે.

તો મિલકતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલકત મિલકત કોઈની પાસે ગીરો ગયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૯/૧૦/૨૦૨૩
ઓફીસ મામલતદાર ઓફીસ સામે,
મર્કેન્ટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
**(એડવોકેટ)**

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૫ | ૧૪૫૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૧૫ | ૯૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૧૬ | ૧૩૨૫ |
| ૨ | શિંગ મોટી | ૯૫૫ | ૧૪૩૨ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૪૩૨ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૩૬૮ |
| ૫ | બાજરો | ૩૬૨ | ૪૦૨ |
| ૬ | જુવાર | ૬૦૪ | ૧૧૩૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૮૩ |
| ૮ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૬૧ |
| ૯ | મકાઈ | ૫૨૬ | ૬,૧ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૨૫૦ |
| ૧૧ | ચણા દેશી | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ૧૨ | કપાસ | ૯૯૦ | ૧૫૨૨ |
| ૧૩ | એરંડા | ૧૧૦૫ | ૧૧૪૧ |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૫ |
| ૧૫ | અજમા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૧૬ | મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૧ | ૧૪૪૦ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૩ | ચણા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૪ | બાજરો | ૩૩૦ | ૩૪૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૬૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૪૩૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૫૦ | ૩૨૪૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૪૬૦ |
| ૫ | જીરૂ | ૮૦૦૦ | ૯૯૫૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૭ | ૫૭૪ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૭૦ |
| ૯ | જુવાર | ૬૮૧ | ૧૦૧૧ |
| ૧૦ | મકાઈ | ૪૦૦ | ૫૬૫ |
| ૧૧ | અડદ | ૧૫૪૨ | ૧૬૯૭ |
| ૧૨ | ચણા | ૧૦૨૧ | ૧૨૦૯ |
| ૧૩ | સોયાબીન | ૭૫૦ | ૯૦૦ |
| ૧૪ | તુવેર | ૧૩૫૦ | – |


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૧ | ૩૦૫૦ |
| ૩ | તલ કાળા | ૧૮૦૦ | ૨૮૦૦ |
| ૪ | કપાસ | ૧૨૧૦ | ૧૪૨૮ |
| ૫ | બાજરો | ૩૮૯ | ૪૫૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૫ |
| ૭ | મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| ૮ | એરંડી | ૧૦૧૧ | ૧૦૧૧ |
| ૯ | સોયાબીન | ૭૫૧ | ૮૬૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૨૯ | ૧૫૫૧ |
| ૨ | મગફળી | ૧૧૬૪ | ૧૩૩૬ |
| ૩ | તલ સફેદ | ૨૭૯૦ | ૩૩૧૦ |
| ૪ | ઘઉં | ૪૪૦ | ૫૫૦ |
| ૫ | ચણા | ૯૯૦ | ૧૨૦૦ |
| ૬ | સોયાબીન | ૮૨૮ | ૮૭૨ |

# કોલડા ગામે મહિલાઓ સહિત ગ્રામજનો દ્વારા નદી કાંઠા વિસ્તારમાં સફાઇ






રાજયવ્યાપી 'સ્વચ્છતા' અભિયાન અંતર્ગત રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશને વધુ અસરકારક બનાવવા દૈનિક ધોરણે ખાસ 'સ્વચ્છતા' ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આગામી ૧૬ ડિસેમ્બર સુધી સાફ – સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે ઉપરાંત આગામી ૮ સપ્તાહ દરમિયાન દર રવિવારે થીમ આધારિત વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે. સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ વેગવંતી બની છે. અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના કોલડા ગામે મહિલાઓ સહિત ગ્રામજનો દ્વારા નદી કાંઠા વિસ્તારમાં સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી અને કચરો એકત્રિત કરીને કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. તા.૧૬ થી ૨૧ ઓકટોબર,૨૩ સુધી શહેર અને ગ્રામ્ય વિસ્તારના તમામ મ્યુઝીયમ, હેરીટેજ બિલ્ડિંગ, મહા પુરૂષોની પ્રતિમા,નદી તળાવ સહિતના પાણીના સ્ત્રોત્રની સાફ – સફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર રાજયમાં હાલ 'સ્વચ્છતા હી સેવા' અભિયાન વેગવંતુ બની રહ્યું છે. આવો જિલ્લાના સૌ નાગરિકો સ્વચ્છતા હી સેવા મહા અભિયાનમાં સહભાગી બનીને આપણી ભારતીય નાગરિક તરીકેની સાચી ફરજ અદા કરીએ અને આપણા ગામ, શહેર અને જિલ્લાને 'સ્વચ્છ જિલ્લો – સ્વસ્થ જિલ્લો' બનાવીએ.

### મંગલમૂર્તિ મહિલા મંડળ દ્વારા

# અમરેલીના પ્રમુખસ્વામી નગરમાં નવરાત્રિ મહોત્સવની આસ્થાભેર ઉજવણી

## મોટી સંખ્યામાં મહિલાઓ માતાની કરે છે આરાધના

અમરેલી, તા.૧૯

અમરેલી શહેરનાં લાઠી રોડ ઉપર આવેલ પ્રમુખસ્વામી નગર ખાતે મંગલમુર્તિ મહિલા મંડળ આયોજિત નવરાત્રી મહોત્સવની શાનદાર ઉજવણી સોસાયટી પરિવાર તથા આજુબાજુ વિસ્તારના લોકો નવરાત્રી માણવા માટે ઉમટી પડે છે. બહેનો અને કુવારીકા દીકરીઓ માતાજીના ગરબા લઈને આનંદની અનુભૂતિ કરે છે. મંગલમુર્તિ મહિલા મંડળનું આયોજન ખુબ જ સુંદર છે.



### તાલુકા પંચાયતના પંટાગણમાં સ્વાગત થયું

# સાવરકુંડલા ખાતે 'મારી માટી મારો દેશ' અંતર્ગત અમૃત કશળયાત્રાનું આગમન

## માટીનાં કળશ ધારાસભ્યએ સ્વીકાર્યા

સાવરકુંડલા. તા.૧૯

મારી માટી મારો દેશ માટીને નમન વીરોને વંદન કરવાના દેશવ્યાપી અમૃત કળશ યાત્રાનો સાવરકુંડલા તાલુકા કક્ષા કાર્યક્રમ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને તાલુકા પંચાયતના પટાંગણમાં યોજાયો.

મારી માટી મારો દેશ માટીને નમન,વિરોને વંદન કરવાના દેશવ્યાપી અમૃત કળશ યાત્રાનો સાવરકુંડલા તાલુકા કક્ષા કાર્યક્રમ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના અધ્યક્ષ સ્થાને સાવરકુંડલા તાલુકા પંચાયતના પંટાગણમાં યોજવામાં આવ્યો હતો.

સાવરકુંડલા લીલીયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા



અધિકારીઓ અને પદાધિકારી સંગાથે

તાલુકાના ગામડાઓમાંથી આવેલા સરપંચો, કર્મીઓને કળશ યાત્રા પ્રસંગે દેશની માટી માટે શપથ લેવડાવ્યા હતા તથા વીર સપૂતોને વંદન સાથે સરપંચો દ્વારા ગામડાઓમાંથી લાવેલા માટીના કળશ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ સ્વીકાર્યા હતા. આ તાલુકા કક્ષાના કળશ યાત્રા પ્રસંગે સાવરકુંડલા ડેપ્યુટી કલેકટર ભાલાળા, મામલતદાર ગોહિલ, સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, ઉપપ્રમુખ પરશોતમભાઈ ઉમટ, તાલુકા ભાજપ મહામંત્રી ચેતનભાઈ માલાણી, નીતીનભાઈ નગદીયા, પ્રમોદભાઈ રંગાણી, સાવરકુંડલા ટાઉન પોલીસ ઈન્સપેકટર સોની,તાલુકા વિકાસ અધિકારી પરમાર,તાલુકા પંચાયતના સદસ્યો,સરપંચો,ભાજપ અગ્રણીઓ તથા કાર્યકર મીત્રો હાજર રહ્યાં હતા.

ગામડે ગામડેથી કળશ એકત્ર કરી જિલ્લા સુધી પહોંચાડવાની જવાબદારીના ભાગરૂપે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ સહૃદય સ્વીકાર કરીને દેશના જવાનો અને દેશની માટીને માથે ચડાવીને સ્વીકાર કર્યો હતો.

# ચલાલા શહેર ભાજપનાં અગ્રણી પંકજભાઈ કાથરોટીયાનું નિધન થયું


ચલાલા, તા.૧૯

ચલાલા શહેર ભાજપનાં મહામંત્રી ચલાલાનગર પાલીકાના સદસ્ય તેમજ ચલાલા સમસ્ત કાથરોટીયા પરિવારના યુવા અગ્રણી સમાજ સેવક પંકજભાઈ પ્રાગજીભાઈ કાથરોટીયા ટીપા (ઉ.વ.૪૫) નું ટુકી બિમારી બાદ ચલાલા ખાતે આજે સવારે નિધન થતા ચલાલા શહેરમાં ઉંડા દુઃખની લાગણી વ્યાપેલી છે. સદગત પંકજભાઈ કાથરોટીયા શહેર ભાજપનાં પ્રમાણીક ઉત્સાહી, તેજસ્વી, ખંતિલા, અને નિડર કાર્યકતા હતા. તેઓ ચલાલ શહેરનાં અને શહેરીજનોના વિકાસ અને સુખાકારીના કામ માટે કાયમ તત્પર રહેતા તેઓ હંમેશા જરૂરીયાતમંદ લોકોને મદદરૂપ થતા લોકોનાં દવાખાનાકામ માટે સહયોગ આપતા હતા. તેઓ ચલાલાની અનેક સામાજીક સંસ્થાઓ સામથે જોડાયેલા હતા. તેઓનાં અવસાનથી ચલાલા શહેર ભાજપે હિંમતવાન કાર્યકર ગુમાવ્યાનો વસવસો રહેશે. સાંજે ૬



કલાકે નિકળેલી સ્વ.પંકજભાઈ કાથરોટીયાની સમસ્યા યાત્રામાં મોટી સંખ્યામાં કાથરોટીયા પરિવાર સગા, સંબંધી, સ્નેહીજનો, શહેરીજનો ઉપસ્થિત રહી અશ્રૃભીની આંખોએ પુષ્પાજંલિ અર્પણ કરી કાથરોટીયા પરિવારના દુઃખમાં સદભાગી બની સાંત્વનાં પાઠવી હતી. તેમ પ્રકાશભાઈ કારીયાએ જણાવેલ છે.

# હાસ્ય ધર્મથી પરમ પુજય પાંડુરંગ દાદા આઠવેલજીના જન્મદિનને વધાવીએ



અમારા ગ્રુપમાં દરરોજ પાવન પર્વ નવરાત્રિની ઉજવણી તો થાય જ છે.એમાં આજે મનુષ્ય ગૌરવ દિનને વધાવવા ગ્રુપમાં પૂજય દાદાના જન્મદિને અનેક સુવિચારો અનેક રત્ન બિંદુઓ અનેક વાતો મૂકવામાં આવી હતી.અનેક પ્રેરક પ્રસંગો, ત્રિકાળ સંધ્યા,ભક્તિફેરી, વૃક્ષ મંદિર, પર્યાવરણ, ભારતિય સંસ્કૃતિ, ભગવદ ગીતાજી, જીવ શિવ,યોગે ર ખેતી,ગીતાજીના સુવાકયો, યુવાનોના ત્રણ ગુણો આશિષ્ઠ, દ્રધિષ્ઠ અને બલિષ્ઠ તેમજ શ્રાદ્ધ ભાગ, સંસ્કૃતિ ચિંતન, જેવા પુસ્તકોમાંથી પણ પ્રસંગ મૂકયા, તેમજ અંતર નાદની પણ વાત મૂકી આમ ગ્રુપમાં દાદાજી ના જીવન કવનના અમૂલ્ય અમૃત બિંદુઓ મૂકવામાં આવ્યા. અને ૧૯ મી ઓકટોબરે અમોએ ખૂબ ધામ ધૂમ પૂર્વક દાદાનો જન્મ દિવસ ઉજવ્યો.

વોટસેપ ગ્રુપના માધ્યમથી હાસ્ય ધર્મ ગૃપ દ્વારા દાદાજીનો જન્મ દિવસ ઉજવ્યો. અને ઉતમ સંકલ્પો પણ લીધા હતા. જેમાં વિધ વિધ લોકોએ પૂજય દાદાજીની પ્રેરક વાતો કરી, પ્રેરક પ્રસંગો કીધાં હતા.

કાર્યક્રમમાં ખૂબ જ મજા આવી હતી. દાદાના વિડિયો પ્રવચન સાંભળતા ખરેખર તો એમણે જે વાત કરી એ મને એમ થયું કે આ વાત હાસ્ય ધર્મ મારફતે શ્રોતાજનો વાચક વર્ગસુધી પહોંચાડું યુવાનોને પ્રેરણાદાયી પ્રસંગો સાંભળી ઉત્સાહ વધે છે.પરંતુ આ બધું જોવાની સાથે સાથે આપણે મનુષ્ય ગૌરવ દિનની વાત કરીએ તો આજે બધા દિવસો ઉજવાય છે પણ એમાંથી માણસ જ ગાયબ થઈ ગયો છે. એટલે કે મકાનની કોઈ દીવાલને કલર કરવાનો હોય તો તે દીવાલને પણ સાફ સાફ કરી ઝાળા ખેરીને કલર કરવામાં આવે છે. એમને એમ કલર કરે તો શું કામનું એમ આજે માણસની જીભમાં,મનમાં, દ્રષ્ટિમાં, વિચારમાં ઘણા ઝાળા છે જે સાફ કરવામાં આવતા જ નથી ત્યાં સુધી બધું નકામું છે.

પૂજય દાદાજીએ મનુષ્યને જ પકડીને ૬૦ વર્ષ સુધી ગામડામાં, શહેરમાં માણસને માણસ બનાવવા જ અવિરત કાર્ય કરતા રહ્યા. વૃક્ષ,પર્યાવરણ આ બધા માટે પણ દાદાજીનું જીવન સમર્પિત હતું.દીદીએ પણ એજ વાત કીધી કે બધું હશે પણ માણસમા જ માણસ નહી હોય તો આ આનંદ,કીર્તિ, વૈભવ આ બધું શું કામનું.સાચા અર્થમાં મનુષ્ય ગૌરવ દિન ઉજવીએ.તો સુખ, સંપતિ, સંતતિ, સમૃધ્ધિ બધું કામનું. અને માણસ માણસ રહે એટલે વાત પુરી. તો પર્યાવરણથી માંડી જીવ જીવ ખુશ રહેશે. દાદા તો આવા સત્કાર્યોમા જ રાજી રહે. એટલે જ સાચો મનુષ્ય ગૌરવ દિન ઉજવાયો કહેવાય. આવું ઉમદા પ્રેરક વકતવ્ય સાંભળવાની મજા આવી ગઈ. તો રઘો હસતા હસતા કે આપણો વાંધો જ આ છે.

આવા ઉતમ વ્યાખ્યાનો, પ્રવચનો, કથા આ બધું સાંભળી માત્ર પ્રસાદ લઈ મજા આવે એટલું પૂરતું નથી. આ સત્સંગ, જ્ઞાન પ્રસાદ સમાજમાં વંહેચવાનો છે. તો કયાંક માણસ માણસ વચ્ચે પ્રેમ સુવાસ રહે ઈર્ષ્યા, અંહકર, ખટપટ બધું ઓછું થાય તો ઝટપટ મો મીઠા થાય. ત્યાં તો બધા ખડખડાટ ઉહસવા લાગ્યા.અને પૂજય પાંડુરંગ દાદા આઠવલેજીના આશીર્વાદ બધા પર વરસે અને એમનો સંદેશો અવિરત આપણા જીવનમાં તેમજ સમાજ જીવનમાં વહેતો રાખીએ. પૂજય દાદાજીએ માણસને માણસ બનાવવામાં જ જીવન સમર્પિત કર્યું. છોડમાં રણછોડ છે.

આવી અનેક સત પ્રવૃત્તિઓમા સેવા દિવેલ પૂરતા રહીએ એ જ સાચા દિવસોની ઉજવણી કરી ગણાશે.આવો સે હસતા હસતા દાદાજીની અમૃત સેવા વાણીને જન જન સુધી પહોંચાડીએ. હસતા ખેલતા આનંદ કિલ્લોલ કરતા કરતા આવી ઉમદા પ્રવૃત્તિમાં જોડાઈએ.રઘો હસતા હસતા કે દીદી એ શું કહ્યું ખબર છે ને માણસ મા માણસ રે એટલે બસ એમા ખટપટ, ઈર્ષા, અંહકાર બધું ન રહેવું જોઈએ. હવે ભાળ કોઈ સગાઈ, લગ્ન કે અન્ય કામ મા આડા હાલ્યા છો. અને ત્યાં તો બધા ખડખડાટ હસવા લાગ્યા. અને હા,દામાણી હાઈસ્કૂલમાં મનુષ્ય ગૌરવ દિનના સુંદર કાર્યક્રમનુ આમંત્રણ પણ લાલજીભાઈ સોલંકી આપ્યું તો આવો આપણે સૌ દાદાના જન્મદિનને વધાવીએ. દાદાજીની અમૃત વાણીને વધાવીએ. હસતા રહો, હસાવતા રહો.

– મયૂર દવે

### નવરાત્રિ મહોત્સવમાં

# બાબરામાં મેલડી માઁનાં મંદિરમાં બાળા મહાકાળીની વેશભૂષામાં

## મોટી સંખ્યામાં બાળાઓ રાસ રમી રહી છે

બાબરા, તા. ૧૯

બાબરામાં શ્રી વડલીવાળી મેલડી માઁ ના મંદિરે માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા નવરાત્રી મહોત્સવનું ભવ્ય અયોજન કરવામાં આવ્યું છે.

જેમાં બાબરા શહેર તેમજ આસપાસની ગ્રામ્ય વિસ્તારની આશરે ૧૨૦૦ થી વધુ બાળાઓ રાસે રમવા આવે છે. અહીં અલગ અલગ ભાતીગળ પોશાકમાં રાસે રમતી બાળાઓ અલગ અલગ માતાજીના દિવ્ય અવતારની પણ જાંખી કરાવે છે.

અહી રાસોત્સવ



દરમિયાન એક બાલા મહાકાળીની વેશભૂષામાં રાસે રમી માતાજીના દર્શનની જાંખી કરાવી હતી.

# મબલખ મરચા વિઘે ૪૫-૫૦ મણનો ઉતારો : ટપક દ્વારા વાવેતર

મતિરાળા, તા. ૧૯

અમરેલીનાં ચિતલ ગામે રહેતા ખેડૂત છેલ્લા ચાર વરસથી મરચાની ખેતી કરે છે. ટપક ધ્વારા પિયત આપે છે. ચાર દિવસે પિયત આપવામાં આવે છે. મરચાનું ઉત્પાદન વિઘે ૪૫–૫૦ મણ આવે છે.

ભાવની વાત કરવામાં આવે તો ૫૦૦૦–૬૦૦૦ રૂપિયા ભાવ મળે છે. ઓણ સાલ ૫ વિઘામાં મરચીનું વાવેતર કર્યુ છે. લાલજીભાઈ માંગરોળીયા તસ્વીરમાં દ્રષ્ટિગોચર થાય છે.



### જાહેર માર્ગો ઉપરથી ગંદકી દુર કરી

# સા.કુંડલા પાલિકાના શાસકોએ સ્વચ્છતા અભિયાનને સાર્થક કર્યુ

## સ્વચ્છતાથી શહેર સુંદર અને રળિયામણું બને છે

સાવરકુંડલા. તા.૧૯

સાવરકુંડલા શહેરને સ્વચ્છ અને ધૂળમુક્ત કરવાના ઈરાદા સાથે નવનિયુક્ત હોદ્દેદારો એવા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી,ન.પા ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, ન.પા.ચેરમેન અશોકભાઈ ચૌહાણ, ન.પા.દંડક અજયભાઈ ખુમાણ, સેનિટેશન વિભાગ ચેરમેન પ્રતિનિધિ હેમાંગભાઈ ગઢિયા,ન.પા.સદસ્ય કિશોરભાઈ બુહા,ન.પા.સદસ્ય લાલભાઈ ગોહિલ સહિતનાઓએ સાવરકુંડલાના મુખ્ય રસ્તાઓ પર સાથે રહી સફાઈનું નિરીક્ષણ કરવામાં આવેલ અને જરૂરી સૂચના, માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



### બોટાદ સામે ભવ્ય વિજય મેળવ્યો

# અમરેલી ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટીમનો તાજાવાલ ટુર્નામેન્ટમાં ૭ વિકેટે વિજય

## કિશન રામાણીએ ૯૬ રન ફટકાર્યા અને પ્રિન્સ ચોવટીયાએ ૪ વિકેટ ઝડપી મેન ઓફ ધ મેચ મેળવ્યો

સાવરકુંડલા, તા.૧૯

સૌરાષ્ટ્ર ક્રિકેટ એશોસીએશન તરફથી ચાલતી તાજાવાલા ટુર્નામેન્ટમાં ભાવનગર ખાતે અમરેલી ડીસ્ટ્રીકટ ટીમની પ્રથમ મેચ ભાવનગર રૂરલ સામે હોય, જેમાં ભાવનગર રૂરલ ૧૦૩ રનમાં ઓલ આઉટ થયેલ.

જેમાં અમરેલી તરફથી પ્રશાંત કુંજડીયા ૨ વિકેટ, પ્રિન્સ ચોવટીયાની ૧ વિકેટ તેમજ અતીક જફાઈની ૩ વિકેટ તેમજ કેપ્ટન નીલમ વામજાએ ૨ વિકેટ લીધેલ હતી તેમજ અમરેલીએ રન ચેઝ કરતા વિના વિકેટે ૧૦૭ રન કરતા અમરેલી ડીસ્ટ્રીકટનો ૧૦ વિકેટથી ભવ્ય વિજય થયેલ હતો.

જેમાં ઓપનર કિશન રામાણીના અણનમ ૭૩ રન તથા




ભૂપતવાળાનાં અણનમ ૨૩ રન કરેલ હતાં ત્યારબાદ તા.૧૯/૧૦/૨૩ ના રોજ અમરેલી ડીસ્ટ્રીકટનો બોટાદ સામેની મેચમાં પ્રથમ દાવ બોટાદે લેતા બોટાદે ૨૬૯ રન બનાવેલ હતા. જેમાં અમરેલી તરફથી મીત આંબલીયાએ ૨ વિકેટ, પ્રિન્સ ચોવટીયાએ ૪ વિકેટ, અતીક જફાઈએ ૧ વિકેટ તેમજ નીલમ વામજાએ ૧ વિકેટ લીધલ હતી. ત્યારબાદ અમરેલી ડીસ્ટ્રીક ૨ ચેઝ કરતાં કિશન રામાણીએ ૯૬ રન અને કિશન વાઢીયા ૭૮ રન તેમજ જયદેવ ખુંટનાં ૧૩ રન તેમજ અતીક જકાઈએ ૫૦ રન અને નીલમ વામજાએ અણનમ ૧૧ રન નોંધાવતા અમરેલી ડીસ્ટ્રીકટનો બોટાદ સામે ૭ વિકેટ ભવ્ય વિજય નોંધાયેલ હતો.

અમરેલી ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટીમનાં કોચ મયુરભાઈ ગોરખીયા તેમજ ડીસ્ટ્રીકટ ક્રિકેટના ચેરમેન શૈલેષભાઈ સંઘાણીએ તમામ પ્લેયર્સને ખુબ જ સારૂ પ્રદર્શન કરવા બદલ અભિનંદન પાઠવેલ છે.

# વડિયામાં ગાયત્રી ચોક મંડળ દ્વારા પ્રાચીન રાસગરબા રમઝટ બોલાવતી બાળાઓ









વડિયા કૃષ્ણપરા વિસ્તારમાં આવેલી ગાયત્રી ચોક ગરબી મંડળની બાળાઓ દ્વારા અવનવા પ્રાચીન રાસગરબાની રમઝટ બોલાવતી જોવા મળી રહી છે ત્યારે અહીંયા નવરાત્રી દરમિયાન માઁ ના ગરબા રમવા અલગ અલગ વિસ્તારોમાંથી મહિલાઓ પણ આવી રહી છે અને પ્રાચીન રાસગરબાની રમઝટ જોવા મળે છે. વડિયા પ્રાચીન રાસગરબા સાથે ગાયત્રી ચોક ગરબી મંડળ ખુબ જુની ૫૦ વર્ષથી પણ વધારે હોય તેવું આયોજકો દ્વારા જણાવાયું હતું નાની–નાની બાળાઓ દ્વારા જુની પરંપરા મુજબ ગરબે રમી લોકોને મંત્રમુગ્ધ કરે છે. ત્યારે આયોજકો દ્વારા દરરોજ નવે નવ દિવસ અવનવી લ્હાણી બાળાઓને આપવામાં આવે છે. સાથે સાથે દાતાઓ દ્વારા નવરાત્રી મહોત્સવ દરમિયાન દરરોજ બાળાઓ અને પ્રેક્ષકોને ગરમા ગરમ લાઈવ અવનવા નાસ્તા પણ પીરસવામાં આવે છે. સાથોસાથ દશેરાના દિવસે તમામ બાળાઓને ભોજન અને ઈનામ પણ વિતરણ કરવામાં આવે છે. નાની બાળાઓના રાસ બાદ મહીલાઓ પણ રાસ રમે છે. અહી લોકો મોટીસંખ્યામાં પ્રાચીન રાસગરબાની રમઝટ જોવા દુર દુરથી આવે છે.

## સાવરકુંડલાનાં નુરાનીનગરમાં રહેતા શ્રમિક પરિવાર પર આફત ત્રાટકી

# અરેરાટી : ખાંભાનાં સમઢીયાળામાં ડૂબી જવાથી પિતા, પુત્ર અને પુત્રીનું મોત

### થોડા સમયથી સમઢીયાળા ગામે નદીકાંઠે વસવાટ કરતાં હોય અકસ્માતે નદીમાં પડી જતાં ડૂબી ગયા

### ત્રણેય મૃતદેહ પાણી ઉપર તરવા લાગતા ગામજનોની નજર પડતાં તંત્ર દોડયું

### મામલતદાર અને પોલીસ વિભાગે ત્રણેય મૃતદેહ બહાર કાઢયા

### નાના એવા ગામમાં એકી સાથે ત્રણ વ્યકિતનાં ડૂબી જવાથી મોત થતાં શોકનો માહોલ છવાયો

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલાનાં નુરાની નગરમાં રહેતા અને અલગ– અલગ ગામે જઈ અને મજૂરી કામ કરતાં એક પરિવાર છેલ્લા પાંચ–છ દિવસથી ખાંભા તાલુકાનાં સમઢીયાળા ગામે નદી કાંઠે રહેતા હોય. ત્યારે કોઈ કારણોસર એક પરિવારનાં પિતા, પુત્ર, પુત્રી નદીનાં પાણીમાં ડૂબી જતાં આ ત્રણેયનાં મૃતદેહ પાણી ઉપર તરવા લાગતા



લોકો એકઠા થઈ જતાં પોલીસ તથા મામલતદાર સહિતનાં અધિકારીઓ દોડી ગયા હતા.

આ બનાવમાં સાવરકુંડલા ગામે રહેતા દેવકુભાઈ રામજીભાઈ પરમાર (ઉ.વ. ૩૦) તેમની પુત્રી માણેક ઉર્ફે દક્ષા (ઉ.વ. ૭ વર્ષ) તથા પુત્ર બોખો (ઉ.વ. અઢી વર્ષ) વિગેરે ખાંભા તાલુકાનાં સમઢીયાળા ગામે નદી કાંઠે ઝૂંપડુ બાંધી રહેતા હોય. ત્યારે તેઓ કોઈ કારણોસર નદીમાં પડી જતાં અને ડૂબી જતાં આ એક જ પરિવારનાં ત્રણેયનાં મૃતદેહ પાણી ઉપર તરવા લાગ્યા હતા.

આ બનાવ અંગે સ્થાનિક લોકોને જાણ થતાં લોકોનાં ટોળા એકઠા થયા હતા. આ અંગે ખાંભા પોલીસને જાણ કરતાં પોલીસ તથા મામલતદાર સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી ત્રણેય મૃતદેહને પાણીમાંથી બહાર કાઢી ખાંભા સરકારી દવાખાને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવેલ છે.




### ઉચ્ચકક્ષાએથી તપાસનાં આદેશને અનુલક્ષીને

# અમરેલીનાં બુધ્ધા ફેમીલી સ્પા અને એન્જલ ફેમીલી સ્પામાં સ્પેશ્યલ ઓપરેશન ગૃપનું ચેકીંગ

### પ્રાથમિક દ્રષ્ટિએ ગેરરીતિ સામે આવતાં જરૂરી કાર્યવાહી હાથ ધરાઈ

અમરેલી, તા. ૧૯

રાજય સરકાર ધ્વારા થયેલા આદેશ મુજબ અમરેલી એસઓજી પોલીસ ધ્વારા ગઈકાલે બે અલગ–અલગ સ્પામાં તપાસ હાથ ધરી જાણવાજોગ દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

જેમાં અમરેલી કેરીયા રોડ બાયપાસ રોડ ઉપર આવેલ કોમ્પ્લેક્ષમાં બુધ્ધા ફેમીલી સ્પા ચાલતું હોય અને સ્પામાં કામ કરતાં સ્ટાફનાં આધાર, પુરાવા, શોપ એકટ લાયસન્સ, કયાં સમયથી સ્પામાં કામ કરે છે તે બાબતે પોલીસે પુછપરછ હાથ ધરતા સંચાલક તથા સ્ટાફ ધ્વારા કોઈ સંતોષકારક જવાબ નહી આપતા તથા સ્પા ચલાવવા માટેનાં જરૂરી લાયસન્સ કે આધાર કાર્ડ સહિતનાં દસ્તાવેજો રજૂ નહી કરી તથા સ્પામાં કામગીરી કરતાં સ્ટાફ ધ્વારા કોઈ દેહવ્યાપી કે અન્ય કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરે છે કે કેમ ? તે બાબતે વ્યવસ્થિત જવાબ નહી મળતાં અમરેલી તાલુકા પોલીસમાં જાણવા જોગ દાખલ કરી તપાસ હાથ ધરાઈ છે.

જયારે બીજા બનાવમાં એન્જલ ફેમીલી સ્પામાં પણ એસઓજીએ તપાસ હાથ ધરી સ્પાનાં સંચાલકે સ્પામાં રહેલ મસાજ તેમજ સ્પાની કામગીરી કરતાં સ્ટાફનાં આધાર પુરાવા તથા કેટલા સમયથી સ્પામાં જોડાયેલ છે તેમજ કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરે છે કે કેમ તેના આધાર–પુરાવા સહિતની સંબધીત માહિતીનાં પુરાવા સંચાલકે રજૂ નહી કરતાં તેમની સામે સીટી પોલીસમાં જાણવા જોગ દાખલ કરી તપાસ હાથ ધરી છે.
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)